**સુવિચાર**

ઓછામાં ઓછા સાધનોમાંથી વધુ લાભ ઉઠાવી, જિંદગી દરમ્યાન સંતોષી થવું એજ જિંદગી જીવવાની ખરી કળા છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




જેતપુર સહિત સૌરાષ્ટ્રભરના મંદિરોમાંથી મુગટ અને ચાંદીના છત્રની ચોરી કરતો રીઢો તસ્કર ઝડપાયો P-4


Year-16, Issue-262 ■ DATE : 19-02-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# મફતની રેવડી વહેંચવાને બદલે રોજગાર પર ધ્યાન આપોઃ સુપ્રીમ

## ચૂંટણીલક્ષી મફત યોજનાઓ ચલાવતા રાજ્યોને સખત શબ્દોમાં ફટકાર લગાવીઃ ભોજન અને વીજળી જેવી પાયાની જરૂરિયાતો બાદ હવે રાજ્યો સીધા રોકડ ટ્રાન્સફર કરવા લાગ્યા છે, જે ચિંતાજનક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ચૂંટણીલક્ષી મફત યોજનાઓ ચલાવતા રાજ્યોને સખત શબ્દોમાં ફટકાર લગાવી છે. ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, ''આખરે કરદાતા સિવાય આ યોજનાઓનો ખર્ચ બીજું કોણ ઉઠાવશે?'' કોર્ટે નોંધ્યું કે ભોજન અને વીજળી જેવી પાયાની જરૂરિયાતો બાદ હવે રાજ્યો સીધા રોકડ ટ્રાન્સફર કરવા લાગ્યા છે, જે ચિંતાજનક છે.

CJI એ ચિંતા વ્યક્ત કરી કે રાજ્યો દેવામાં હોવા છતાં મફતની યોજનાઓ પાછળ અઢળક નાણાં ખર્ચી રહ્યા છે, જેના કારણે વિકાસના કામો પર ઓછો ખર્ચ થઈ રહ્યો છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે રાજ્યોએ 'ડોલ્સ' (મફતની રેવડી) વહેંચવાને બદલે રોજગાર નિર્માણને પ્રાથમિકતા આપવી જોઈએ. નાણાકીય સમજદારી પર ભાર મૂકતા કોર્ટે કહ્યું કે આર્થિક સંતુલન જાળવવું દેશના ભવિષ્ય માટે અનિવાર્ય છે.



સીજેઆઈએ આ મામલે કહ્યું કે હવે વિકાસ પાછળ ઓછો ખર્ચો થાય છે. હવે તો મફતમાં ભોજન, મફત સાઈકલ અને મફત વીજળીઓ આપવામાં આવી રહી છે. એવા દિવસો આવી ગયા છે કે હવે તો સીધી રોકડ ટ્રાન્સફર થાય છે. અનેક રાજ્યો છે જે ખોટમાં જઈ રહ્યા છે અને દેવામાં છે તેમ છતાં કલ્યાણકારી યોજનાઓનું વિસ્તરણ કરી રહ્યા છે. કોર્ટ માને છે કે કર્મચારીઓના પગાર અને મફતની સુવિધાઓનું ભારણ એટલું વધી ગયું છે કે જરૂરી વિકાસ માટેના ફંડ પણ ખતમ થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો કે એક વર્ષમાં કમાયેલી સરકારી આવકનો ૨૫ ટકા હિસ્સો વિકાસ પાછળ કેમ ન ખર્ચી શકાય?

સુપ્રીમ કોર્ટ તમિલનાડુ વિદ્યુત વિતરણ નિગમ વિરુદ્ધ ભારત સરકારના કેસ પર સુનાવણી કરી રહી છે. કોર્ટે નિગમને ગ્રાહકની નાણાકીય સ્થિતિ પર ધ્યાન આપવા વિના દરેકને મફત વીજળી આપવાનો વાયદો કરવા બદલ ફિટકાર લગાવી હતી. કોર્ટે મફતની રેવડી સિસ્ટમની આકરી ઝાટકણી કાઢતાં કહ્યું કે આ આર્થિક વિકાસ માટે અવરોધ સમાન બાબત છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૯/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૮/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૬,૫૪૦ | ₹૨,૭૦,૦૦૦ |
| | +૨૨૯૦ | +૧૫,૦૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૦૪ | ₹૧૨૨.૯૪ |

# લોકોની બચતના કરોડો રૂપિયા ઉઠાવી જનાર અપરાધીને જામીન નહીંઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં સાયબર ક્રાઈમ ખાસ કરીને ડીજીટલ એરેસ્ટ કે તેવા ફ્રોડ મારફત લોકોની બચતના કરોડો રૂપિયામાં ઠગ લોકો ઉસડી જાય છે અને તે કૃત્ય અત્યંત ઘોર અપરાધની કક્ષામાં આવે છે તેવું દર્શાવીને સુપ્રીમ કોર્ટે આ પ્રકારના અપરાધમાં સંડોવાયેલા માસ્ટર માઈન્ડને જામીન આપવાના અલ્લાહાબાદ હાઈકોર્ટના આદેશને રદ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ એ સિદ્ધાંત આ પ્રકારના અપરાધને લાગુ પડતો નથી.

ચીટીંગ ફોર્જરીના કેસમાં સહઆરોપીને જામીન મળ્યા છે તેથી મુખ્ય આરોપીને પણ જામીન મળવા જોઈએ તે દલીલ પણ સુપ્રીમકોર્ટે ફગાવી હતી. મુખ્ય અપરાધી લાંબો સમય ફરાર રહ્યા બાદ ઝડપાયો હતો.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, જીવન અને સ્વતંત્રતાનો અધિકાર જો કાઈ દરેક માટે વ્યક્તિગત રીતે લાગુ થતો નથી. સુપ્રીમકોર્ટે કયા પ્રકારના આર્થિક અપરાધને જામીન મળી શકે તે માટે તેનો અપરાધ કેટલો ગંભીર છે તેના પર જવાનો આગ્રહ રાખ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે એવા અપરાધ જેમાં નિર્દોષ વ્યક્તિના મહેનતની કમાણી અને તેમના જીલ્લાના આધાર જેવી મુડી આ રીતે ઠગ લોકો ગબન કરી જાય તે સ્વીકાર્ય બનવું જોઈએ નહી અને તેવા અપરાધને જામીનના અધિકારનો વિકલ્પ મળવો જોઈએ નહી. આ અંગે અલ્લાહાબાદ હાઈકોર્ટે આપેલા જામીન સુપ્રીમ કોર્ટે ફગાવ્યા હતા.

# વિશ્વભરના દેશોને ભારતમાં એઆઈ ક્ષેત્રે રોકાણ કરવા આમંત્રણ આપતા નરેન્દ્ર મોદી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દુનિયાભરના ૨૦થી વધુ રાષ્ટ્રવડાઓ અને ૧૦૦થી વધુ ટેક જાયન્ટોની હાજરી વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં ભારત મંડપમમાં દેશના પ્રથમ એઆઈ ઈમ્પેકટ સમીટને ખુલ્લુ મુકતા વિશ્વભરના દેશોને ભારતમાં એઆઈ ક્ષેત્રે રોકાણ કરવા આમંત્રણ આપ્યુ હતું.




મોદીએ કહ્યું કે આજે ભારત પાસે યુવાઓની ટેલેન્ટ પુલ છે જે સમસ્યાઓનું સમાધાન આપી શકે છે. એટલું જ નહી તેઓ ટેકનોલોજીની વિભિન્નતા અને ઉંડાઈ સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે અને ભારત પાસે વૈવિધ્યતા વિશાળ વસ્તી અને લોકશાહી પણ છે.

મોદીએ જણાવ્યું કે એઆઈને વૈશ્વિક રૂપે સંયોગથી જ વિકસીત કરવાનો સંકલ્પ લેવો જોઈએ જેથી કરીને તેના જોખમોનો પણ સંયુક્ત રીતે મુકાબલો થઈ શકે. મોદીએ જણાવ્યું કે એઆઈની અનેક ખૂબીઓ છે અને આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સની મદદથી આજે બદલાવ આવી રહ્યો છે.

ભારતને એઆઈમાં ભય નહી પણ ભાગ્ય દેખાય છે અને ઈતિહાસના આ સૌથી મોટા બદલાવમાં ભારત પાસે જે ડેટા છે તે એઆઈને વધુ મજબૂત બનાવશે. વૈશ્વિક પ્રતિભાવોની હાજરીમાં શ્રી મોદીએ કહ્યું કે એઆઈને ઉંચી ઉડાન આપો પરંતુ તેનો કન્ટ્રોલ આપણા હાથમાં રહેવો જોઈએ.

મોદીએ ડીપ ફેંકના ખતરાઓ અંગે પણ વિશ્વને આગાહ કરતા જણાવ્યું કે ડીપફેક અને મનઘડત સામગ્રી ખુલ્લા સમાજમાં અસ્થિરતા પેદા કરે છે અને તેથી તેનો પણ સંયુક્ત રીતે મુકાબલો થવો જોઈએ.

વડાપ્રધાને એઆઈનો ઉપયોગ માનવજાતને સશક્ત બનાવવા માટે થવો જોઈએ તેવું જણાવતા ઉમેર્યુ કે અસલી સવાલ એ નથી કે એઆઈ ભવિષ્યમાં શું કરી શકે છે. પરંતુ આપણે વર્તમાનમાં તેનો કેવો ઉપયોગ કરી શકીએ છીએ તે વધુ મહત્વનું છે. તેથી જ એઆઈનો પુરી જવાબદારી સાથે ઉપયોગ થવો જોઈએ.

આ એવી તાકાત છે કે જે ઝડપથી બદલાવ પણ લાવી શકે છે અને તેનો યોગ્ય ઉપયોગ થાય તે સૌથી મહત્વનું છે. મોદીએ આજે સવારે એઆઈ સમીટને ખુલ્લુ મુકયુ હતું અને મંચ પર વિશ્વના ૨૦ દેશોનાં રાષ્ટ્રવડાઓ સાથે એઆઈનો સમગ્ર માનવજાત માટે ઉપયોગ કરવાનો સંકલ્પ કર્યો હતો.


# જંગલેશ્વર સહિતના વિસ્તારોમાં ૨૩ ફેબ્રુઆરીથી મેગા ડિમોલિશન

## મનપાના અધિકારીઓ જંગલેશ્વર પહોંચ્યા, ઘરે ઘરે જઈને સમજાવી રહ્યા છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ફરી દાદાનું બુલડોઝર ફરવા જઈ રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટ્ટા તથા નગર રચના યોજના નં. ૬ હેઠળના ૧૫ મીટરના ટી.પી. રોડ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા અંતિમ સૂચના આપવામાં આવી છે. પૂર નિયંત્રણ અને ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે હાથ ધરવામાં આવેલી ડિમોલિશન કામગીરી અંતર્ગત મિલ્કતધારકોએ ૩ દિવસમાં સ્વખર્ચે દબાણો દૂર કરવાના રહેશે.

રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં સોમવારે ડિમોલિશન કાર્ય શરૂ કરવામાં આવશે. મેગા ડિમોલીશન માટે મહાનગરપાલિકાએ તમામ તૈયારી પૂર્ણ કરી દીધી છે ત્યારે



સમગ્ર જંગલેશ્વર વિસ્તારમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આજે મનપાના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી સ્થાનિક લોકોને કાર્યવાહી અંગે સમજાવી રહ્યા હતા અને લોકોને કિંમતી સામાન સુરક્ષિત રીતે ખસેડવા તાકીદ કરી. મનપાના ટીમોએ ઘરે ઘરે જઈને રહેવાસીઓ સાથે મુલાકાત કરી અને ડિમોલિશન પ્રક્રિયા સમજાવી હતી. ગાર્ડન સ્મશાનથી ચિસ્તીયા ચોક સુધી ટીમો ઉતારીને કામગીરી હાથ ધરાઈ. લોકોએ પોતાના કિંમતી સામાનને સુરક્ષિત રાખવા અને ખસેડી લેવા અપીલ કરાઈ હતી

જો નિયત સમયમાં અમલ નહીં થાય, તો મનપા દ્વારા તા. ૨૩ ફેબ્રુઆરીથી ડિમોલિશનની કડક કાર્યવાહી શરૂ કરવામાં આવશે, જેનો તમામ ખર્ચ અને નુકસાનની જવાબદારી જે-તે મિલ્કતધારકની રહેશે. એવી ચેતવણી પણ આપવામાં આવી છે. આ મેગા ડિમોલિશનમાં ૨૧ જેસીબી, ૨૬ ટ્રેક્ટર, ૨ હિટાચી, ૧૫૦ જેટલા મજૂર, ૩૮ ગેસ કટર મદદથી ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાજેતરમાં જે ૧૩૫૭ જેટલા મિલકત ઉપર દબાણ દૂર કરવા નોટિસ પાઠવી હતી, જેના પર હાઈકોર્ટે સ્ટે આપેલો છે. ત્યાર આ મિલકતો સિવાયના જે દબાણો છે તે દૂર કરવાની કામગીરી હાથ ધરવાની તૈયારી છે.

જંગલેશ્વરમાં આવેલ રામકૃષ્ણ નગરમાં કુલ ૧૩ શેરીમાં રોડની બન્ને સાઈડ ૧૩૫ જેટલા મકાનોમાં ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવશે, જેમાં રામકૃષ્ણ નગર શેરી નંબર ૧૩થી ૨૫નો સમાવેશ થાય છે. અહીંયા રસ્તો પહોળો કરવા અગાઉ સર્વે પણ કરી દેવામાં આવ્યો છે અને ટીપી વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. રસ્તાને પહોળો કરવા માટે સર્વેયર દ્વારા સર્વે કરી માર્કિંગ સાથે મનપાના અધિકારીઓ સુધી વિગતો રજૂ કરતા તંત્ર દ્વારા તમામ નોટિસ પાઠવી દેવામાં આવી હતી. જે બાદ આજરોજ સિટી એન્જિનિયરના માર્ગદર્શન હેઠળ મનપાની અલગ-અલગ ટીમો દ્વારા ડિમોલિશન સ્થળની મુલાકાત પણ કરવામાં આવી હતી.

# સુરત એરપોર્ટ પર બેંગકોકથી લાવવામાં આવેલો ૩.૨૦ કરોડનો ગાંજો ઝડપાયો



**મુખ્ય સમાચાર, સુરત**

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ વિભાગે ડ્રગ્સ સ્મગલિંગના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. બેંગકોકથી સુરત ફ્લાઈટમાં આવેલા બે મુસાફરો પાસેથી કસ્ટમ્સની ટીમે ૬.૪૦ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો ઝડપી પાડી આંતરરાષ્ટ્રીય સ્મગલિંગનો પર્દાફાશ કર્યો છે.

કસ્ટમ વિભાગની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ઝડપાયેલા બંને પુરુષ મુસાફરોએ અત્યંત ચાલાકીથી ગાંજાને છુપાવ્યો હતો. આરોપીઓએ ગાંજાના જથ્થાને ૩૦ જેટલા નાના પ્લાસ્ટિક પેકેટ્સમાં પેક કર્યો હતો. આ પેકેટ્સને તેમના સામાન (લગેજ) માં એવી રીતે છુપાવ્યા હતા કે સામાન્ય તપાસમાં નજરે ન પડે. જોકે, એક્સ-રે અને શંકાસ્પદ હિલચાલના આધારે કસ્ટમ વિભાગે આ જથ્થો પકડી પાડ્યો હતો.

ચિંતાજનક બાબત એ છે કે સુરત એરપોર્ટ પર માત્ર બે દિવસના ટૂંકા ગાળામાં જ આ બીજી મોટી કાર્યવાહી છે. બે દિવસ અગાઉ પણ એરપોર્ટ પરથી નશીલા પદાર્થનો જથ્થો ઝડપાયો હતો, જે સૂચવે છે કે સ્મગલરો હવે સુરત એરપોર્ટનો ઉપયોગ નશાના રૂટ તરીકે કરી રહ્યા છે. કસ્ટમ વિભાગે બંને મુસાફરોની ધરપકડ કરી NDPS એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# હેરઓઈલ, સાબુ, ચા વગેરેના ભાવ વધી ગયા

દેશમાં મોંઘવારી પાછી ફરી છે. એફએમસીની કંપનીઓ, અથવા રોજિંદા વસ્તુઓનું ઉત્પાદન કરતી કંપનીઓએ તેલથી લઈને સાબુ સુધીના તેમના ઉત્પાદનો પર ભાવ વધારવાનું શરૂ કરી દીધું છે. સપ્ટેમ્બર ૨૦૨૫ માં જીએસટી ઘટાડા પછી કંપનીઓએ ભાવમાં વધારો કર્યો ન હતો. જોકે, વધતી જતી ફુગાવા અને નબળા રૂપિયાની અસર હવે તેમના નફા પર પડી રહી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, કંપનીઓ રોજિંદા વસ્તુઓના ભાવમાં ૫% સુધીનો વધારો કરી રહી છે. ડિસ્ટ્રિબ્યુટર્સે અહેવાલ આપ્યો છે કે ડિટર્જન્ટ, હેર ઓઈલ, ચોકલેટ, નૂડલ્સ અને અનાજ જેવી રોજિંદા વસ્તુઓના ભાવમાં આ ક્વાર્ટરમાં વધારો થયો છે. વધેલી કિંમતો સાથે આ વસ્તુઓના પેકેજો સ્ટોર્સમાં આવવા લાગ્યા છે. ડાબર ઈન્ડિયાના સીઈઓ મોહિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે તેમની કંપની, જે રિયલ જ્યુસ અને વાટિકા હેર ઓઈલનું ઉત્પાદન કરે છે, આ ક્વાર્ટરમાં ભાવમાં રૂ વધારો કરી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે આ વધેલા ભાવ આગામી વર્ષ સુધી ચાલુ રહેશે. તેમણે સમજાવ્યું, નફાખોરી વિરોધી નિયમોને કારણે અમારે ભાવમાં વધારો કરવામાં વિલંબ કરવો પડ્યો.

## 'રિચ ડેડ પુઅર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ ફરી એકવાર વિશ્વને ચોંકાવનારી ચેતવણી

# ઈતિહાસનો સૌથી મોટો માર્કેટક્રેશ હવે નજીકમાં

**મુખ્ય સમાચાર, મુંબઇ**

'રિચ ડેડ પુઅર ડેડ'ના લેખક રોબર્ટ કિયોસાકીએ ફરી એકવાર વિશ્વને ચોંકાવનારી ચેતવણી આપી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને દાવો કર્યો છે કે, ઈતિહાસનો સૌથી મોટો ક્રેશ ખૂબ જ નજીક છે. જોકે, આ આફતની વચ્ચે તેમણે રોકાણકારો માટે અમીર બનવાની તક પણ જણાવી હતી. મશહૂર લેખક રોબર્ટ કિયોસાકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (ટ્વિટર) પર એક લાંબી પોસ્ટ શેર કરી છે. તેમણે લખ્યું છે કે, ''હું તમને ચેતવણી આપી રહ્યો છું, વર્ષ ૨૦૧૩માં પ્રસિદ્ધ થયેલી મારી પુસ્તક 'રિચ ડેડ્સ પ્રોફેસી'માં મેં ઈતિહાસના સૌથી મોટા સ્ટોક માર્કેટ ક્રેશની ચેતવણી આપી હતી, જે હવે આવવાની



તૈયારીમાં જ છે.'' કિયોસાકીના મતે જે લોકો આ માટે તૈયાર નથી, તેમના માટે આ ક્રેશ એક ડરામણા સ્વપન સમાન હશે. કિયોસાકીએ આ નિરાશાજનક સમાચારની સાથે એક આશાનું કિરણ પણ બતાવ્યું છે. તેમણે કહ્યું કે જે લોકોએ અગાઉથી તૈયારી કરી છે, આ ક્રેશ તેમને તેમના સપના કરતા પણ વધુ અમીર બનાવી દેશે. કિયોસાકી માને છે કે, માર્કેટ જ્યારે ક્રેશ થાય છે ત્યારે કિંમતી એસેટ્સ સસ્તા ભાવે ઉપલબ્ધ હોય છે. આ જ સમય અમીર બનવા માટે સૌથી શ્રેષ્ઠ હોય છે.તેમની પાસે અસલી સોનું, ચાંદી, ઈથેરિયમ અને બિટકોઈન છે, કોઈ પેપર એસેટ્સ કે નકલી વસ્તુઓ નથી.

રોબર્ટ કિયોસાકીએ બિટકોઈનને લઈને અત્યંત આશાવાદી છે. બિટકોઈનની કિંમત જેમ જેમ નીચે જશે, તેમ તેમ તેઓ વધુ ખરીદી કરશે. તેમણે તર્ક આપ્યો કે બિટકોઈનની સંખ્યા મર્યાદિત (માત્ર ૨૧ મિલિયન) છે, તેથી જ્યારે લોકો ગભરાટમાં આવીને વેચાણ કરશે, ત્યારે તેઓ તેને ખરીદીને પોતાની સંપત્તિમાં વધારો કરશે.

# જો કોઇ પોલીસને પડકાર ફેંકશે તો તેનો જડબાતોડ જવાબ અપાશે : હર્ષ સંઘવી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગર ખાતે સુરક્ષા અને સુખાકારીના સંકલ્પ સાથે પોલીસ વિભાગ દ્વારા રૂ. ૨૭૩ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા સતત પાંચમી વખત રજૂ કરવામાં આવેલા રૂ. ૪.૦૮ લાખ કરોડના વિક્રમી અને ઐતિહાસિક અંદાજપત્રને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતના વિકાસની નવી ક્ષિતિજો સર કરનારૂ ગણાવ્યું હતું.



ગુજરાત પોલીસ અને તેમના પરિવારજનો માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ અંગે હર્ષ સંઘવીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, દેશના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ રાજ્યમાં પોલીસ પરિવાર માટે એકસાથે ૨૦,૪૦૦થી વધુ નવા સુવિધાયુક્ત રહેણાંક આવાસો બનાવવાનો નિર્ણય લેવાયો છે.

પોલીસ હાઉસિંગ નિગમને રૂ. ૧૫૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, આ માતબર રકમ સરકારની પોલીસ પરિવાર પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે. રાજ્ય સરકારનો ધ્યેય મંત્ર છે, પોલીસ પ્રજાની રક્ષા કરે, અને સરકાર પોલીસના પરિવારની દરકાર કરે. આ મંત્રને ચરિતાર્થ કરવા માટે આજે આપણે આ કરોડો રૂપિયાના વિકાસકાર્યોની ભેટ આપવા જઈ રહ્યા છીએ.

નાયબ મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો કોઈ પોલીસને પડકાર ફેંકશે કે 'દાદો' થવાનો પ્રયાસ કરશે, તો ગુજરાત પોલીસ તેને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપશે. ગમે તેટલી પહોંચ ધરાવતો વ્યક્તિ હોય, પણ જો તે નિર્દોષ નાગરિકને કનડશે, તો તેના પગ ધ્રુજી જાય તેવી કડક કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાત પોલીસ ડ્રગ્સ અને વ્યાજખોરી સામે જંગ લડી રહી છે. ડ્રગ્સ માફિયાઓ અને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. માત્ર ૯૦ દિવસમાં ૪૫થી વધુ ડ્રગ્સ માફિયાઓને સજા અપાવવાની ઐતિહાસિક સફળતા ગુજરાત પોલીસે મેળવી છે.

આ પ્રસંગે પોલીસ હાઉસીંગ રાજ્ય મંત્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસની ઈમારત હંમેશા શાંતિ અને સુરક્ષાની ગેરંટી પર ટકેલી હોય છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગર મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૨૬-૨૭ નું રૂ. ૧૮૫૪ કરોડનું બજેટ સામાન્ય સભામાં રજૂ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દ્વારા રૂ. ૧૮૫૪.૧૦ કરોડના ખર્ચનું અંદાજીપત્ર રજૂ કરવામાં આવ્યા પછી તે અંગે વિપક્ષે ચર્ચામાં ભાગ લીધો હતો.આ અંદાજપત્રમાં અનેક વિકાસ કાર્યો દોહરાવવામાં આવ્યા હતાં. હજુ પણ તે બાબતે જોરદાર રજૂઆતો થઈ રહી છે. જે સામાન્ય સભા મોડે સુધી ચાલશે તેમ જોવા મળે છે. જામનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર વિનોદ ખીમસૂર્યાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં કોર્પોરેટરો, કમિશ્નર ડી.એન. મોદી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ બેઠકમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દ્વારા વર્ષ-૨૦૨૬-૨૭ નું વાર્ષિક રૂ. ૧૮૫૪.૧૦ કરોડ ખર્ચે અંદાજપત્ર રજૂ કર્યુ હતું.જેમાં ઉઘડતી પુરાંત રૂ. ૩૭૨.૭૨ કરોડ, વર્ષ દરમિયાન આવક રૂ. ૧૭૬૧.૮૧ કરોડ મળી કુલ રૂ. ૨૧૩૪.૫૩ કરોડ અને વર્ષ દરમિયાન રૂા. ૧૮૫૪.૧૦ કરોડ અને બંધ પુરાંત રૂા. ૨૮૦.૪૩ કરોડની દર્શાવાઈ છે.આ બેઠકમાં ચાલુ વર્ષમાં થયેલા વિકાસ કાર્યોનું ચિત્ર ચેરમેન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ડી.આઈ. પાઈપ લાઈનના રૂા. ૧૨ કરોડના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.શંકર ટેકરીનો જુનો જર્જરિત પમ્પ ડીસ્મેન્ટલ કરી રૂ. ૧ કરોડના ખર્ચે નવો સમ્પ બનાવવાનું આયોજન છે. નાઘેડીમાં ૩૦ એનએલડીની ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ અને આનુસંગિક કામગીરી પ્રગતિમાં છે અને ૬૫ ટકા કામ પૂર્ણ થયું છે.શહેરમાં અનેક સ્થળોએ સેન્ટ્રલ લાઈટીંગનું કામ મંજુર થયું છે. ટાઉનહોલ માટે એક કરોડ રૂપિયાના ખર્ચથી નવું ડીજી સેટ ખરીદવામાં આવ્યું છે.સફાઈ કામગીરી માટે અનેક નવા સાધનો ખરીદવામાં આવ્યા છે. રૂા. ૬.૧૬ કરોડના ખર્ચે મૃત પશુના નિકાલ માટેના કામનું આયોજન પણ થયું છે. રૂા. ૪.૦૯ કરોડના ખર્ચે શ્વાનના ખસીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. રૂ. ૩.૬૯ કરોડના ખર્ચે એનિમલ વર્ષ કંટ્રોલ સેન્ટરનું કામ હાલ પ્રગતિમાં છે. નાઘેડીમાં રૂ. ૯.૪૮ કરોડના ખર્ચે ગૌશાળાનું કામ પ્રગતિમા છે. રૂા. ૨૩.૮૫ કરોડના ખર્ચે સ્ટ્રોમ વોટર ડ્રેનેજનું કામ પણ પ્રગતિ હેઠળ છે. રૂા. ૧૩.૬૫ કરોડના ખર્ચે હેરીટેઈજ ચેઈનના કામો પ્રગતિ હેઠળ છે. આઉટ ગ્રોથની ગ્રાન્ટ અન્વયે રૂા. ૧૨૭ કરોડના ૧૦૬ કામો પ્રગતિ હેઠળ છે.લાલપુર બાયપાસ પાસે સિક્સલેન એલીવેટેડ ફ્લાયઓવર બ્રિજ અને ઠેબા જંક્શન પાસે સિક્સ લેઈન ફ્લાય ઓવર બ્રીજ અને સમર્પણ વર્કસ પર ફોર લેઈન ફ્લાય ઓવરબ્રિજનું કામ પ્રગતિ હેઠળ છે. વિશાલ હોટલ પાસે રૂા. ૪૨ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન છે. શહેરમાં પાંચ ગૌરવ પથ બનાવવાનું આયોજન છે. તેમાંથી એકનું કામ પ્રગિત હેઠળ છે. ત્રણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન સાધનસામગ્રી ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

શંકર ટેકરીનો જુનો જર્જરિત પમ્પ ડીસ્મેન્ટલ કરી રૂ. ૧ કરોડના ખર્ચે નવો સમ્પ બનાવવાનું આયોજન છે. નાઘેડીમાં ૩૦ એનએલડીની ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ અને આનુસંગિક કામગીરી પ્રગતિમાં છે અને ૬૫ ટકા કામ પૂર્ણ થયું છે. શહેરમાં અનેક સ્થળોએ સેન્ટ્રલ લાઈટીંગનું કામ મંજુર થયું છે. ટાઉનહોલ માટે એક કરોડ રૂપિયાના ખર્ચથી નવું ડીજી સેટ ખરીદવામાં આવ્યું છે.સફાઈ કામગીરી માટે અનેક નવા સાધનો ખરીદવામાં આવ્યા છે. રૂ. ૬.૧૬ કરોડના ખર્ચે મૃત પશુના નિકાલ માટેના કામનું આયોજન પણ થયું છે. રૂ. ૪.૦૯ કરોડના ખર્ચે શ્વાનના ખસીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. રૂ. ૩.૬૯ કરોડના ખર્ચે એનિમલ વર્ષ કંટ્રોલ સેન્ટરનું કામ હાલ પ્રગતિમાં છે. નાઘેડીમાં રૂ. ૯.૪૮ કરોડના ખર્ચે ગૌશાળાનું કામ પ્રગતિમા છે. રૂ. ૨૩.૮૫ કરોડના ખર્ચે સ્ટ્રોમ વોટર ડ્રેનેજનું કામ પણ પ્રગતિ હેઠળ છે. રૂા. ૧૩.૬૫ કરોડના ખર્ચે હેરીટેઈજ ચેઈનના કામો પ્રગતિ હેઠળ છે. આઉટ ગ્રોથની ગ્રાન્ટ અન્વયે રૂા. ૧૨૭ કરોડના ૧૦૬ કામો પ્રગતિ હેઠળ છે.લાલપુર બાયપાસ પાસે સિક્સલેન એલીવેટેડ ફ્લાયઓવર બ્રિજ અને ઠેબા જંક્શન પાસે સિક્સ લેઈન ફ્લાય ઓવર બ્રીજ અને સમર્પણ વર્કસ પર ફોર લેઈન ફ્લાય ઓવરબ્રિજનું કામ પ્રગતિ હેઠળ છે. વિશાલ હોટલ પાસે રૂ. ૪૨ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન છે. શહેરમાં પાંચ ગૌરવ પથ બનાવવાનું આયોજન છે. તેમાંથી એકનું કામ પ્રગિત હેઠળ છે. ત્રણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન સાધનસામગ્રી ઉપલબ્ધ કરવામાં આવનાર છે. ફૂડ ટેસ્ટીંગ લેબનું કામ પૂર્ણ થયું છે.મલ્ટી પર્પઝ ઓડીટોરિયમ, બે પાર્ટી પ્લોટનો વિકાસ, ઓક્ટીન પાર્ક, ક્રિકેટ ગ્રાઉન્ડ અને ફૂટબોલ ગ્રાઉન્ડના કામો પણ આયોજીત કરાયા છે. રિજિયોનલ કન્વેશનલ સેન્ટર, ઈ-લાયબ્રેરીના કામો આયોજીત થયા છે. રૂ. ૨૧૯.૩૦ કરોડના ખર્ચે ૧૬૦૦ આવાસો બનાવવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. જુની પદ્ધતિ મુજબ વ્યાજમાફી યોજના અમલમાં મૂકવા નિર્ણય લેવાયો હતો.મ્યુનિ કમિશનર દ્વારા રૂ. ૯ કરોડ ૧૦ લાખનો કરબોજ સૂચવાયો હતો તેને સ્ટેન્ડીંગમાં જ નામંજુર કરી દેવાયો હતો. જેની દરખાસ્ત આજે સામાન્ય સભામાં રજૂ થઈ હતી. પર્યાવરણ, નવા આવાસ સહિતના કામો પણ સૂચવાયા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ફાળા પેટે રૂા. ૨૫ કરોડ ફાળવવા, નવા વી.એમ. મહેતા કોલેજને ફાળા પેટે રૂા. ૧૫ કરોડ ફાળવવા જોગવાઈ દર્શાવાઈ છે.

આમ જામનગરના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવા અંગે પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રભારી મંત્રી, જામનગરના ધારાસભ્ય અને મંત્રી, સાંસદ, પૂર્વ મંત્રી, ધારાસભ્ય વિગેરેનો ચેરમેન દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. બજેટ બેઠકમાં વિપક્ષના રચનાબેન નંદાણિયાએ પોતાના મત વિસ્તારમાં ગ્રાન્ટ ફાળવવા ઉપરાંત ભૂગર્ભ ગટર પ્રોજેક્ટ અન્વયે કાસમભાઈ જોખિયાએ દરખાસ્ત રજૂ કરી હતી.આ પછી ચર્ચામાં ભાગ લેતા વિપક્ષના જેનબબેન ખફીએ સૂચન કર્યુ હતું કે, સૂચનો ધ્યાનમાં લીધા પછી બજેટને મંજુરી આપવામાં આવે. તેમણે વધુમાં કહ્યુ હતું કે, એપ્રિલથી નવેમ્બર સુધી સ્લમનો કોઈ ખર્ચ કેમ થયો નહીં? તે અંગે ચિફ એકાઉન્ટ ઓફિસરે જવાબ આપ્યો હતો. આ ઉપરાંત જેનબબેન ખફીએ ઓડીટ શાખા અંગે પ્રશ્ન ઊઠાવ્યો હતો કે છેલ્લે ક્યારે ઓડીટ થયું? તેવો સવાલ ઊઠાવ્યો હતો. તેના જવાબમાં જણાવાયું હતું કે દરેક કામનું પ્રિ-ઓડીટ કરવામાં આવે જ છે. સ્લમ શાળામાં વધારે કામ કરવા જોઈએ તેવી રજૂઆત સંદર્ભે ચેરમેન નિલેષ કગથરા અને આરોગ્ય અધિકારીએ જવાબ આપ્યો હતો કે, જોગવાઈ કરતા પણ વધુ રકમના કામો થાય છે. ચાર નવા આરોગ્ય કેન્દ્ર આ વિસ્તારોમાં બનાવવામાં આવનાર છે. વિપક્ષના રચનાબેન નંદાણિયાએ જણાવ્યું હતું કે, હાથણી ગામ સુધી બ્રિજ બનાવવામાં આવે અને પ્રાથમિક શાળા બનાવવામાં આવે. હજુ પણ બજેટ અન્વયે ચર્ચા ચાલુ છે.

# "તેરા તુજકો અર્પણ" હેઠળ ૨૨ ખોવાયેલા મોબાઈલ શોધી અરજદારોને પરત આપતી વાંકાનેર પોલીસ



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત વાંકાનેર સીટી અને તાલુકા પોલીસે CEIR પોર્ટલના ઉપયોગથી આશરે રૂ.૩,૭૨,૧૨૮/- ની કિંમતના કુલ ૨૨ ખોવાયેલા/ ચોરાયેલા મોબાઈલ ફોન શોધી અરજદારોને પરત આપ્યા હતા.

મોરબી જીલ્લા પોલીસના માર્ગદર્શન હેઠળ "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત વાંકાનેર સીટી તથા તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા નોંધપાત્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાના માર્ગદર્શન હેઠળ વાંકાનેર સીટી પોલીસ મથક પીઆઇ એચ.એ. જાડેજા વાંકાનેર તાલુકા પોલીસ મથક પીઆઇ વી.બી. પટેલના સુપરવિઝનમાં ટીમે કામગીરી કરી હતી.જેમાં CEIR પોર્ટલમાં એન્ટ્રી કરી સતત મોનીટરીંગ અને ટેકનિકલ વર્કઆઉટ હાથ ધરવામાં આવ્યું હતું. પો.હેડ કોન્સ્ટેબલ હંસાબેન દેવજીભાઈ પાપોદરા અને પો.કોન્સ્ટેબલ જગદીશભાઈ રમેશભાઈ રંગપરા સહિતના સર્વેલન્સ સ્ટાફની જહેમતથી કુલ ૨૨ મોબાઈલ કિ.રૂ.૩,૭૨,૧૨૮/- ફોન ટ્રેસ કરવામાં સફળતા મળી હતી. આ શોધાયેલા મોબાઈલ ફોન અરજદારોને એકસાથે બોલાવી જીલ્લા પોલીસવડા મુકેશ પટેલના હસ્તે પરત આપવામાં આવ્યા હતા. આ કામગીરી દ્વારા વાંકાનેર પોલીસે "પોલીસ પ્રજાની મિત્ર" ના સુત્રને સાર્થક કરતા સુરક્ષા સાથે સેવાનો ઉત્તરદાયિત્વ નિભાવ્યો હોવાનું કામ કર્યુ છે.

# ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા મહિલાઓ અને બાળાઓ ભેટથી સન્માનિત કરવામા આવ્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં લીમડાલેન સ્થિત આણદાબાવા મહિલા વૃદ્ધાશ્રમમાં અંતેવાસી માતાઓને તથા રામ મૂકબધિર વિદ્યા વિહાર ટ્રસ્ટની વિદ્યાર્થીનીઓને ભેટથી સન્માનિત કરવાનો સેવાકીય ઉમદા પ્રયાસ ૮ ગુજરાત એનસીસી નેવલ યુનિટ દ્વારા કરવામાં આવ્યો હતો.

આણદાબાવા સેવા સંસ્થાના મહંત દેવપ્રસાદજી મહારાજના આશીર્વાદ તથા માર્ગદર્શનમાં ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી જામનગર દ્વારા આણદાબાવા મહિલા વૃદ્ધાશ્રમના.અંતેવાસી માતાઓને સાડી તથા રામ વિહાર ટ્રસ્ટની મૂકબધિર બાળાઓને ચણિયાચોળીની ભેટથી કમાન્ડિંગ ઓફિસર, કમાન્ડર સ્નેહા રાય તથા સરસ્વતી વિદ્યામંદિરના નેવલ કેડેટ્સ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

કમાન્ડર સ્નેહારાય એ જણાવ્યું હતું કે, આજની આ હ્રદયસ્પર્શી મુલાકાતમાં અંતેવાસી વૃદ્ધ માતાઓના અમને જે આશીર્વાદ મળ્યા છે તથા મૂક બધિર બાળાઓને સન્માનિત કરવાનો જે અવસર મળ્યો છે તે ખુશી શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિથી એનસીસી કેડેટ્સમાં સામાજિક સેવાની ભાવના ઉજાગર થાય છે. ભારતીય સેના બોર્ડરને સુરક્ષિત કરી રહી છે તે જ પ્રકારે

દેશની આંતરિક વ્યવસ્થા પણ સુચારુ બની રહે તે માટે આ પ્રકારની સેવાકીય સંસ્થા જે રીતે નિરાધાર વૃદ્ધો અને બાળકો તથા મૂકબધિર બાળકો માટે આવશ્યક તમામ વ્યવસ્થા તેમજ લોકોપયોગી રાહતદરની મેડિકલક્ષેત્રની જે સેવાઓ કરી રહી છે તે અત્યંત મહત્વનું કાર્ય છે જે રાષ્ટ્ર સેવાનો ભગીરથ પ્રયાસ છે. આણદાબાવા સંસ્થાના ચિરાગભાઈએ જણાવ્યું હતું કે સંસ્થા ૩૩૦ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિ ચલાવી રહી છે જેમાં છેલ્લા ૬૦ વર્ષથી અસહાય નિરાધાર વૃદ્ધ મહિલાઓ તથા ૩૫ વર્ષથી મૂકબધિર બાળકો માટે આવશ્યક એવી તમામ સેવાઓ વિનામૂલ્યે કરી રહી છે. તેમજ જાહેર જનતા માટે રાહત દરની મેડિકલ સેવાઓ ઉપલબ્ધ પણ ચાલી રહી છે. એનસીસી નેવલ યુનિટના ઓફિસર્સ તથા કેડેટ્સ દ્વારા અંતેવાસી વૃદ્ધ મહિલાઓ તથા મૂકબધીર બાળાઓને સન્માનિત કરવામાં આવ્યા છે તે માટે અમે તેમનો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.નેવલ એનસીસીનાં ઓફિસર્સ તથા પીઆઈ સ્ટાફને આશીર્વાદ આપતા અંતેવાસી વૃધ્ધ મહિલાઓએ જણાવ્યું હતું કે, દેશની સેવા કરતા સેનાનીઓ આજે અમારે આંગણે આવી અમને સન્માનિત કર્યા,યાદ કર્યા , અમારી સાથે વાતો કરી તેનાથી અમને ખૂબ જ ગર્વની અને ખુશીની લાગણી થઈ છે. જાણે ભગવાને વિશેષ ખુશ થઈને અમને આજના દિવસે તમને મળાવ્યા હોય તેવું અનુભવી રહ્યા છીએ.'

આ સેવાકીય કાર્યક્રમમાં ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીનાં કમાંડીંગ ઓફિસર, એસોસીએટ એનસીસી ઓફિસર,પીઆઈ સ્ટાફ,કેર ટેકર ઓફિસર તથા સરસ્વતી વિદ્યામંદિરનાં કેડેટસની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# હાડકાની ઘનતા માપવા માટે નિશુલ્ક આયુર્વેદિક નિદાન ચિકિત્સા કેમ્પ

**મુખ્ય સમાચાર, જામનગર**

આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન, જામનગર ખાતે કાયચિકિત્સા વિભાગ દ્વારા તા. ૨૦ ફેબ્રુઆરી શુક્રવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન ઓ.પી.ડી. નંબર - ૮, ઓ.પી.ડી. બ્લોક, આયુર્વેદ પરિસર, આઇ.ટી.આર.એ. ખાતે હાડકાની ઘનતા માપવા (BMD- બૉન મિનરલ ડેનસિટી) માટે વિનામૂલ્યે નિદાન-ચિકિત્સા સુવિધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કાયચિકિત્સા વિભાગના વડા પ્રો. મંદીપ ગોયલ અને તેની તજજ્ઞ આયુર્વેદાચાર્યોની ટીમ દ્વારા



ઓસ્ટિયોપોરોસિસ અને ઓસ્ટિયોપિનિયા જેવી તકલીફો અંગે પણ નિદાન ચિકિત્સા આપવામાં આવશે. આ સુવિધાનો લાભ લેવા સંસ્થાના નિયામક પ્રો. ડૉ. તનુજા નેસરી દ્વારા યાદીમાં જણાવાયું છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો જોડિયા તાલુકામાં બે દિવસીય ગ્રામ કલ્યાણલક્ષી પ્રવાસ; ભાદરા ગામની લેશે મુલાકાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રાજ્યપાલ આચાર્ય જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ભાદરા ગામની મુલાકાતે છે. આ 'ગ્રામ કલ્યાણલક્ષી' પ્રવાસ દરમિયાન તેઓ પ્રાકૃતિક ખેતી, ગ્રામીણ વિકાસ અને લોકસંપર્કના વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થશે. પ્રવાસના પ્રથમ દિવસે, ૨૦ ફેબ્રુઆરીના રોજ ભાદરા સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૦૪૦૦ કલાકથી 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં રાજ્યપાલ સેવા સેતુના



લાભાર્થીઓને લાભોનું વિતરણ કરશે અને કૃષિ સખીઓ તેમજ ભાદરા તાલુકાના સરપંચો તથા ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે સંવાદ કરશે. ત્યારબાદ તેઓ ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરશે.ત્યારબાદ સાંજના સમયે રાજ્યપાલ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત ભાદરા ગામમાં વૃક્ષારોપણ કરશે અને ગ્રામ પંચાયત પાસેના પરિસરમાં સ્વચ્છતા અભિયાનમાં જોડાશે અને ત્યારબાદ ગ્રામજનો સાથે 'ખાટલા પરિષદ' યોજી રાત્રિ રોકાણ પણ ગામની પ્રાથમિક શાળામાં જ કરશે.પ્રવાસના બીજા દિવસે, ૨૧ ફેબ્રુઆરીના રોજ સવારે રાજ્યપાલ ભાદરા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી ફાર્મની મુલાકાત લેશે, જ્યાં તેઓ કૃષિ પ્રવૃત્તિમાં જોડાશે તથા ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે.

# જામનગર મહાનગરપાલિકામાં રામરાજ નહીં પણ રાવણરાજ!



## કોંગ્રેસના મહિલા કોર્પોરેટર રચનાબેન નંદાણિયાનું અનોખું વિરોધ પ્રદર્શન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની અંદાજપત્ર સામાન્ય સભાનો આરંભ થાય તે પહેલા કોંગ્રેસના મહિલા કોર્પોરેટર રચનાબેન નંદાણિયાએ પોતાના માથા સાથે દસ નકલી માથા જોડી જણાવ્યું હતું કે, કોર્પોરેશનમાં રામ રાજ નથી, પણ રાવણ રાજ પ્રવર્તે છે. તેમણે રજૂ કરેલા એક નિવેદનમાં વોર્ડ નં. ૪ ના હાથણી ગામ, વિનાયક પાસે વાડી વિસ્તાર, ભીમવાસ ૧-૨-૩, ખડખડનગર, વિગેરે વિસ્તારોના પ્રાથમિક સુવિધાના પ્રશ્નો અંગે વારંવાર અનેક વખત રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી.કામ થયા નથી. આ તમામ સુવિધાના કામો તાત્કાલિક હાથ ધરવા તેમણે માગણી કરી હતી.

# મોરબીમાં સ્વ.રમેશભાઈ રંગપડીયાની બીજી પુણ્યતિથિ નિમિત્તે નિઃશુલ્ક નિદાન અને દવા કેમ્પ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્વ.રમેશભાઈ મકનભાઈ રંગપડીયાની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરે ૨ થી ૫ દરમિયાન મોરબીના શ્રી જલારામ મંદિર અયોધ્યાપુરી રોડ ખાતે નિઃશુલ્ક નિદાન અને દવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ વિભાગોના નિષ્ણાત ડોકટરો દ્વારા નિઃશુલ્ક તપાસ અને માર્ગદર્શન આપવામાં આવશે તેમજ ફ્રી બ્લડ સુગર ચેકઅપની સુવિધા ઉપલબ્ધ રહેશે.

મોરબી ખાતે સ્વ.રમેશભાઈ મકનભાઈ રંગપડીયાની બીજી પુણ્યતિથિ નિમિત્તે આરોગ્યલક્ષી સેવાકીય કાર્યક્રમ તરીકે ફ્રી નિદાન અને દવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ બપોરે ૨.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી શ્રી જલારામ મંદિર અયોધ્યાપુરી રોડ મોરબી ખાતે યોજાશે.

કેમ્પમાં વિવિધ હોસ્પિટલ અને ક્લિનિક સાથે સંકળાયેલા અનુભવી તબીબો દ્વારા સેવા આપવામાં આવશે. જેમાં ડો.ભૌમિક સરડવા (એથિકસ હોસ્પિટલ & ICU- મેડિસિન વિભાગ), ડો.ઉમેશ ગોધવીયા (પલ્સ હોસ્પિટલ & ICU મેડિસિન વિભાગ), ડો.મેહુલ પનારા (વિઝન આંખની હોસ્પિટલ- આંખ વિભાગ), ડો.ધીરેન પટેલ (શ્રી હરિકૃષ્ણ ડેન્ટલ કેર- ડેન્ટલ વિભાગ), ડો.અક્ષય જાકાસણીયા (વાત્સલ્ય ચાઈલ્ડ હોસ્પિટલ- બાળરોગ વિભાગ), ડો.ભાવેશ શેરસિયા (ડિવાઈન સ્કીન પંચકર્મા ક્લિનિક- સ્કીન વિભાગ), ડો.નિશિથ દઢાણીયા (આરાધના હોસ્પિટલ- ગાયનેક વિભાગ), ડો.વિમલ દેત્રોજા (લેપ્રોકેર- સર્જરી વિભાગ) તેમજ ડો.યશ કડિવાર (વેલકેર ઓર્થોપેડિક હોસ્પિટલ- ઓર્થો વિભાગ) પોતાની નિષ્ણાત સેવા આપશે. આ ઉપરાંત ડીઆર પટેલ પેથોલોજી લેબોરેટરી દ્વારા નિઃશુલ્ક બ્લડ સુગર ચેકઅપ પણ કરવામાં આવશે. આયોજકોએ વધુમાં વધુ લોકોને આ સેવા કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો છે. વધુ માહિતી માટે યોગેશ રંગપડીયા(પ્રેસ રિપોર્ટર)ના મો. ૯૦૨૩૨ ૪૭૭૪૭ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# મોરબી મનપા દ્વારા ત્રણ મુખ્ય બ્રીજના રંગરોગાન અને સુશોભન કાર્યથી શહેરને નવી ઓળખ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરની સૌંદર્યવૃદ્ધિ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા શનાળા બ્રીજ, માળિયા ફાટક નજીકનો બ્રીજ અને ત્રાજપર ચોકડી બ્રીજ પર આકર્ષક કલર કોમ્બિનેશન સાથે રંગરોગાન અને સુશોભન કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે, જેના કારણે શહેરમાં પ્રવેશતા નાગરિકોને સ્વચ્છ અને આધુનિક મોરબીનું પ્રતિબિંબ દેખાઈ રહ્યું છે.

મોરબી શહેરની સૌંદર્યવૃદ્ધિ, સ્વચ્છતા અને નાગરિકોને સુવ્યવસ્થિત શહેરી પર્યાવરણ ઉપલબ્ધ કરાવવા હેતુસર મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના મુખ્ય પ્રવેશદ્વારો સમાન ગણાતા ત્રણ મહત્વના બ્રીજોના રંગરોગાન તથા સુશોભનનું કાર્ય હાથ ધરાયું હતું, જે હવે સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. ઉલ્લેખનીય છે કે શનાળા બ્રીજ, માળિયા ફાટક નજીક આવેલ બ્રીજ તથા ત્રાજપર ચોકડી ખાતે આવેલા બ્રીજ ઉપર ગુણવત્તાસભર પેન્ટિંગ સાથે આકર્ષક અને દૃષ્ટિઆનંદદાયક કલર કોમ્બિનેશન અપનાવવામાં આવ્યું છે. આ કામગીરીના પરિણામે શહેરમાં પ્રવેશતા નાગરિકો અને મુલાકાતીઓને સ્વચ્છ, સુશોભિત અને આધુનિક મોરબીનો અનુભવ થાય છે.

મહાનગરપાલિકાની આ પહેલ શહેરના સર્વાંગી વિકાસ, જાહેર માળખાકીય સુવિધાઓના સંવર્ધન અને શહેરી સૌંદર્યમાં વધારો કરવાના દઢ સંકલ્પને પ્રતિબિંબિત કરે છે. આવનારા સમયમાં શહેરના અન્ય જાહેર સ્થળો અને સુવિધાઓના બ્યુટીફિકેશન માટે પણ સમાન કામગીરી હાથ ધરાશે. શહેરના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ સ્વચ્છતા અને સૌંદર્ય જાળવવા સહભાગી બને અને જાહેર સંપત્તિનું સંરક્ષણ કરી પોતાની નાગરિક ફરજ નિભાવે. તેમ યાદીમાં જણાવાયું છે.

# ટંકારાના વિરપર ગામે ગલુડીયા બાબતે બોલાચાલીનો ખાર રાખી પરિવાર પર હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના વિરપર ગામે રીક્ષા નીચે શ્વાનનું બચ્ચું આવી જતા થયેલી બોલાચાલીનો ખાર રાખી ચાર શખ્સોએ શેરીમાં રહેતા પરિવાર ઉપર હુમલો કર્યો હતો. જેમાં લાકડાના ધોકાથી માર મારી માતા-પુત્રને ઈજાઓ પહોંચાડતા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતા ચારેય આરોપીઓ સામે ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારા તાલુકાના વિરપર ગામે રહેતા મુકેશભાઈ જેસિંગભાઈ વડેચાએ આરોપી સતીશ ચંદુભાઈ મેણીયા, માલો ચંદુભાઈ મેણીયા, ભીમભાઈ રવજીભાઈ બાવરવા તથા ગંગાભાઈ જીવાભાઈ બાવરવા તમામ રહે.વિરપર તા.ટંકારા વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ તા.૧૬/૦૨ના રોજ સાંજે તેમની શેરીમાં રહેતા આરોપી સતિષ મેણીયા રીક્ષા લઈને નીકળતા એક ગલુડીયું રીક્ષા નીચે આવી ગયું હતું. આ બાબતે ફરિયાદી મુકેશભાઈના પરિવારજનોએ સતિષને રીક્ષા ધ્યાનથી ચલાવવાનું કહેતા સામાન્ય બોલાચાલી થઈ હતી. જે બાબતનો ખાર રાખી બીજા દિવસે ઉપરોક્ત ચારેય આરોપીઓ ફરીયાદીના ઘરે આવી ગાળો બોલી ધમકી આપી હતી કે "આજે તો ગલુડીયું હતું, ફરી બોલશો તો ગલુડીયાની જગ્યાએ તમે હશો" કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ આરોપીઓએ છુટા હાથની મારામારી તેમજ લાકડાના ધોકાથી ફરિયાદી મુકેશભાઈના હાથ તથા શરીરે માર માર્યો તેમજ આ દરમિયાન ફરિયાદીના માતા દેવુબેનને ધકકો લાગતા નીચે પડી જતા મોઢાના ભાગે ગંભીર ઈજા પહોંચી અને ચાર ટાંકા લેવા પડ્યા હતા. બાદમાં બંને ઈજાગ્રસ્તોને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ ટંકારા પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ટંકારાના કલ્યાણપર ગામે લાખોની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

## મોરબી ક્રાઇમ બ્રાંચ દ્વારા એક રીઢા તસ્કરની ધરપકડ, રૂ.૨૫.૨૧ લાખનો ચોરી કરેલ ૧૦૦% મુદ્દામાલ રિકવર



**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના કલ્યાણપર ગામે ૧૪ ફેબ્રુઆરીના રોજ થયેલી લાખોની ઘરફોડ ચોરીનો ભેદ મોરબી ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે આરોપી પાસેથી કુલ રૂ.૨૫,૨૧,૮૫૫/- નો ચોરીનો મુદ્દામાલ કબજે કરી એક શખ્સને ઝડપી પાડ્યો છે. ટંકારા તાલુકાના કલ્યાણપર ગામે ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ ધોળા દિવસે બનેલી ઘરફોડ ચોરીની ઘટનામાં મોરબી ક્રાઇમ બ્રાંચ અને ટંકારા પોલીસ ટીમ દ્વારા ઝડપી કાર્યવાહી કરી ગણતરીના દિવસોમાં જ ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. ચોરીની ઘટના મુજબ, કલ્યાણપર ગામે રહેતા જયંતીલાલ વિરજીભાઈ ઉજરીયા ગત તા ૧૪ ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૩૦ થી બપોરે ૧.૩૦ દરમિયાન મકાન બંધ કરીને બહાર ગયા હતા. આ સમયગાળા દરમિયાન અજાણ્યા શખ્સે મકાનનું તાળું તોડી તિજોરી અને કબાટમાંથી સોના-ચાંદીના દાગીના, ૧૪ સોનાની ગીની (૧૪૦ગ્રામ), ચાંદીના ચોરસા (૧ કિલો), રોકડ રકમ રૂ.૧,૫૬,૫૮૦/- સહિતની ચોરી કરી હતી. શરૂઆતમાં રૂ.૪.૪૫ લાખની ફરિયાદ નોંધાઈ હતી, પરંતુ તપાસમાં કુલ ચોરીનો મુદ્દામાલ રૂ.૨૫,૨૧,૮૫૫/-નો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ખાનગી બાતમીના આધારે કલ્યાણપર ગામના જ સોહીલ સતારભાઈ દલને શંકાના આધારે ઝડપી પૂછપરછ કરતા તેણે ગુનો કબૂલ્યો હતો. આ સાથે આરોપી પાસેથી ૧૦૦ ટકા મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ઝડપાયેલ આરોપી અગાઉ પણ ચોરી અને સુરેન્દ્રનગર જીલ્લામાં હનીટ્રેપના ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં જ જેલમાંથી છૂટ્યા બાદ તેણે ફરી મોટી ચોરીને અંજામ આપ્યો હતો. હાલ મોરબી પોલીસે વધુ તપાસ કરી અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સંદર્ભે આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

આ સફળ કામગીરીમાં એલસીબી પીઆઈ એમ.પી. પંડ્યા, પીએસઆઈ બી.ડી. ભટ્ટ, પીએસઆઈ જે.પી. કણસાગરા સહિતની ટીમ રોકાયેલ હતી.

# હળવદના ચરાડવા ગામે રોડ ક્રોસ કરી રહેલ ૭૦ વર્ષીય વૃદ્ધાનું કાર હડફેટે મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ચરાડવા ગામે કથા સાંભળવા આવેલ ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલાનું કારની ઠોકરે સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યાનો બનાવ સામે આવ્યો છે, જેમાં મોરબી હળવદ રોડ ઉપર રોડ ક્રોસ કરતી વેક પુરઝડપે આવતી કારે વૃદ્ધાને ટક્કર મારતા, માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યૂ હતું, બીજી બાજુ અકસ્માત સર્જી કારનો ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો.

મળતી માહિતી અનુસાર, હળવદ તાલુકાના જુના રાસંગપુર ગામે રહેતા ઘનશ્યામભાઇ ચતુરભાઈ પરમાર ઉવ.૪૫ એ હળવદ પોલીસ મથકમાં આરોપી ફોર વ્હીલ કાર રજી.નં. જીજે-૩૬-આર-૯૪૯૯ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૧૬/૦૨ના રોજ તેઓ અને તેમના માતા તખુબેન ઉવ.૭૦ ચરાડવા ગામે સ્વામિનારાયણ મંદિરે કથામાં આવ્યા હતા, ત્યારે બપોરે તેમના માતા તખુબેન જમીને તેમના ભત્રીજીને મળવા ગયા હતા, જ્યાંથી પરત કથા મંડપે આવતા હોય તે દરમિયાન રોડ ક્રોસ કરતી વેળા મોરબી તરફથી આવતી કારના ચાલકે પોતાનું વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી આવી તખુબેનને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો, અકસ્માત સર્જી કારનો ચાલક પોતાની કાર લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો. ત્યારે ઈજાગ્રસ્ત તખુબેનને તાત્કાલિક સારવાર અર્થે ચરાડવા સ્થિત સરકારી દવાખાને ખસેડતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ પોલીસે આરોપી કાર ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના લાલપર નજીક દારૂની એક બાટલી સાથે બુટલેગર પકડાયો

મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન લાલપર ગામ નજીક ઓરસન ઝોન એપાર્ટમેન્ટના ખુલ્લા પ્લોટમાં શંકાસ્પદ હાલતમાં ઉભેલ ઇસમને રોકી તેની અંગઝડતી લેતા, પેન્ટના નેફામાંથી વિદેશી દારૂ વ્હાઇટ લેક વોડકા ઓરેન્જ ફ્લેવરની એક બોટલ કિ.રૂ.૫૦૦/-મળી આવતા તુરંત આરોપી રફીકભાઈ મામદભાઈ ચાનીયા ઉવ.૪૮ રહે. સો ઓરડી મોરબી-૨ વાળાની અટક કરી તેની વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા શનિવારે સમૂહલગ્નોત્સવ



## ૧૪ નવદંપતી શાસ્ત્રોકત વિધિથી પ્રભુતામાં પગલા માંડશેઃ દરેક કન્યાઓને ૧૦૦થી વધુ ભેટ-સોગાદ અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ, મહીલા સંઘ, યુવા પાખ આયોજીત તા. ૨૧-૦૨-૨૦૨૬ શનિવાર ના રોજ રાજપૂત ગીરાસદાર સમાજનો ૧૯ મો સમુહલગ્નોત્સવ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ મુકામે આયોજન કરવામાં આવ્યુ છે જેમાં ૧૪ નવદંપતિ શાસ્ત્રોકત વિધીથી પ્રભુતાના પગલા માંડશે.

તા. ૨૧-૨ને શનિવારે બપોરના ૨ કલાકે વર-કન્યાનું એન. કે. જાડેજા રાજપૂત કન્યા છાત્રાલય, ખાતે આગમન થશે. બપોરે ૪ કલાકે ૧૫૦ ફુટ રીંગ રોડ થી વરયાત્રાનો શુભારંભ કરવામા આવશે ૯ કલાકે લગ્ન સ્થળ આશાપુરા ફાર્મ, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે આગમન થશે. નવદંપતિઓ ના સામૈયા કરી પોતાના લગ્ન મંડપમાં પધરામણી કરશે. ત્યારબાદ શાસ્ત્રીશ્રી દ્વારા શાસ્ત્રોકત વિધીથી લગ્ન વિધી કરાવવામાં આવશે. સાંજે ગૌધુલીક સમય ૬.૧૦ કલાકે હસ્તમેળાપ થશે. ત્યારબાદ નવદંપતિ અને તેમના માતાપિતાને અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવશે.

અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ ના મેનેજીગ ટ્રસ્ટી ડો. જયેન્દ્રસિંહ એમ. જાડેજા, પી.ટી. જાડેજા આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, તેમજ નિરૂભા ઝાલા પ્રદેશ અધ્યક્ષ ના માર્ગદર્શન અનુસાર સમૂહ લગ્નોત્સવ ને સફળ બનાવવા યુવાસંઘ, મહિલા સંઘ તેમજ યુવાપાંખના હોદેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

જેમા કિશોરસિંહ જેઠવા (પાંડાવદર) પ્રમુખ રાજકોટ જીલ્લો, પથુભા જાડેજા (ખોખરી) પ્રમુખ રાજકોટ શહેર, કિરીટસિંહ જાડેજા (મોટાભેલા) પ્રદેશમંત્રી, નિમળસિંહ ઝાલા (નેકનામ), ભારતસિંહ ઝાલા (રતનપર), વી.પી. જાડેજા (પડધરી), કિશોરસિંહ જાડેજા (મુળીલા), બળદેવસિંહ ગોહિલ (કુકડ), રાજભા વાળા (હરીયાસણ), મહિપતસિંહ પરમાર (ટીકર), નું કાર્યક્રમને સફળતા અપાવવા સમૂહ લગ્ન સમિતી ને સતત માર્ગદર્શન આપી જહેમત ઉઠાવી રહ્યા છે.

આ સમૂહ લગ્નોત્સવને સફળતા અપાવવા સમુહલગ્ન સમિતીના ચેરમેન શ્રી પી.ટી. જાડેજા (હડમતીયા જ.) કન્વીનરશ્રી હિતેન્દ્રસિંહ ડી. ઝાલા (કોઠારીયા જડેશ્વર), અક્ષીતસિંહ પી. જાડેજા (હડમતીયા જં) સહ કન્વીનર, કનકસિંહ ઝાલા (બલાળા) સહ કન્વીનર, હિતેન્દ્રસિંહ ઝાલા (ઈંગોરાળા) સહ કન્વીનર, બલભદ્રસિંહ જાડેજા (પડવલા), ક્રિપાલસિંહ જાડેજા (વચલી ઘોડી), જગદેવસિંહ જાડેજા (ડેરી વડાળા), નરેન્દ્રસિંહ જાડેજા (હડમતીયા જં), શક્તિસિંહ પરમાર (ચાણપર), દિલીપસિંહ જાડેજા (મેટીયા), મેઘરાજસિંહ ઝાલા (રાજચરાડી), જયપાલસિંહ જાડેજા (કોટડા નાયાણી), વનરાજસિંહ જાડેજા (પીપરડી), ભગીરથસિંહ જાડેજા (કોટડા ના.), ઝલકિતસિંહ વાઘેલા (ગોધાવી), યશપાલસિંહ જાડેજા (રાવકી) તેમજ યુવા પાંખના સર્વે કાર્યકર્તાઓની અલગ અલગ સમિતી બનાવી એક પારીવારીક માહોલ માં સમૂહ લગ્નને સફળતા અપાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે.

રાજકોટ શહેર - જીલ્લાના દોલતસિંહ જાડેજા (ખીજદડ), રાજભા જાડેજા (ખાખડાબેલા), પી.વી. જાડેજા (માણેકવાળા), અશોકસિંહ જાડેજા (દોમળા), ચંપકસિંહ જાડેજા (વડાળી), કિરીટસિંહ ઝાલા (રાતીદેવળી), મજબુતસિંહ જાડેજા (પડવલા), રવિન્દ્રસિંહ જાડેજા (પડધરી), જયદેવસિંહ ઝાલા (જેતપુર), હેમંતસિંહ જાડેજા(ઉપલેટા), વિક્રમસિંહ જાડેજા (ધોરાજી), જયપાલસિંહ સરવૈયા (લોધીકા), રવિરાજસિંહ જાડેજા (ખાખડાબેલા), જયપાલસિંહ ઝાલા (રતનપર), મહાવિરસિંહ જાડેજા (જામકંડોરાણા), પુષ્પરાજસિંહ જાડેજા (ધુળીયા દોમડા), ઓમદેવસિંહ જાડેજા, (ગોંડલ), મહિલા સંઘના કા.અધ્યક્ષ, જયશ્રીબા પી.જાડેજા, હિનાબા ગોહીલ, પવિત્રીબા જાડેજા, ચંદ્રાબા પરમાર, સીતાબા જેઠવા, કિર્તીબા ઝાલા, ભાવનાબા જાડેજા, મીનાબા જાડેજા, પુર્ણાબા ગોહીલ ગૃહમાતા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

આ સમુહ લગ્નમાં ૧૧ દિકરીબા ઓના સંપૂર્ણ કરીયાવર મુખ્ય દાતા જીતેન્દ્રસિંહ જુવાનસિંહ ઝાલા (ખેરવા) પરિવાર તરફથી આપવામાં આવેલ છે. આ સમુહ લગ્ના આજીવન દાતા તરીકે સ્વ. સુરેન્દ્રસિંહ દાદુભા ઝાલા તથા પરિવાર, જુની કલાવડી દ્વારા આર્થીક અનુદાન આપવામાં આવેલ છે. સમુહ લગ્નમાં દરેક કન્યાઓને ૧૦૦થી વધુ ભેટ-સોગાદ આપવામાં આવશે.

આ સમુહ લગ્નમાં દાતાઓ પરાક્રમસિંહ જાડેજા, જયોતિ સી.એન.સી. મયુરધ્વજસિંહ એમ. જાડેજા (પડાણા) જે.એમ.જે.ગ્રુપ, મોહીતસિંહ બી.ઝાલા સિધ્ધિવિનાયક મોટર, સહદેવસિંહ ડી. ઝાલા કારોલ (પર્વ મેટલ), યુવરાજસિંહ જાડેજા (ચાંપાબેડા) ઋષીરાજસિંહ નિલેશસિંહ ઝાલા (વણા) હોટર આર.આર.ઈન, સ્વ.પી.પી. જાડેજા પ્રધુમન ગ્રુપ નાનામૌવા, વિરેન્દ્રસિંહ ઝાલા - સમલા, સુરૂભા જાડેજા (રાવકી) ક્રિપાલસિંહ જાડેજા (વાગુદડ) રોઝર મોટર્સ, મહિપતસિંહ ચુડાસમા, હોટલ જયસન, શ્રીમતી જયશ્રીબા પી.ટી. જાડેજા (હડમતીયા જ.) તથા મહિલા સંઘ, મનોહરસિંહ (બબાભાઈ) રમુભા ઝાલા,રોજાસર, સહદેવસિંહ ડી.ઝાલા (પર્વમેટલ) સહદેવસિંહ વાઘેલા - દેવ બિલ્ડર્સ, દિલીપસિંહ પી. જાડેજા (ઈટાળા) પી.સી.સી., રાજદિપસિંહ એમ. જાડેજા (વાવડી કો) રાજકોટ શહેર ભાજપ અગ્રણી, હાર્દિકસિંહ એમ. જાડેજા (ખજુરડી), હીના એન્જી, યશપાલસિંહ જાડેજા (ચાંદલી) નો મુખ્ય આર્થીક સહયોગ મળેલ છે.

આ સમૂહ લગ્નોત્સવ મા મુખ્ય મહેમાન મહારાણા રાજ સાહેબ કેશરીદેવસિંહ ઝાલા સાસંદ, ડો. જયેન્દ્રસિંહ એમ. જાડેજા, એમ.ડી અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ, જનકસિંહ ગોહિલ (કુકડ) નાયબ નિયામક (સૌરાષ્ટ્ર ઝોન), હનુમંતસિંહ જાડેજા પુર્વ અધીક કલેકટર, નિરૂભા બી. ઝાલા પ્રદેશ અધ્યક્ષ, દીપકસિંહ ઝાલા, મહામંત્રી આ.રા.યુ.સંઘ, રૂદ્રદતસિંહ વાઘેલા કા. પ્રદેશ અધ્યક્ષ, બાશ્રી દસરથબા પરમાર પ્રદેશ અધ્યક્ષ મહિલા સંઘ, દિવિજયસિંહ ઝાલા પ્રદેશ અધ્યક્ષ યુવા પાંખ, તેમજ સર્વે દાતાઓ ઉપસ્થિત રહી કાર્યકમ ને દિપાવશે. અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ, સમૂહ લગ્ન સમિતિ દ્વારા સમૂહ લગ્નમાં પધારવા ગીરાસદાર રાજપૂત સમાજ ને આમંત્રીત કરીએ છીએ.

# ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સંદર્ભે પ્રતિબંધક આદેશો પ્રસિધ્ધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ એસ.એસ.સી./એચ.એસ.સી.ની પરીક્ષાઓ અન્વયે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે રાજકોટ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એન.કે.મુછારે જરૂરી પ્રતિબંધનાત્મક આદેશો કર્યા છે. જે અનુસાર આગામી એસ.એસ.સી. અને એચ.એસ.સી.(સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ કેન્દ્રો પૈકી રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારના એસ.એસ.સી.નાં પરીક્ષા કેન્દ્રોમાં તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધી, એચ.એસ.સી.નાં વિજ્ઞાન પ્રવાહના પરીક્ષા કેન્દ્રોમાં તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૬/૦૩/૨૦૨૬ સુધી, એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહના પરીક્ષા કેન્દ્રોમાં તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ સુધી, એચ.એસ.સી. વ્યવસાયલક્ષી પ્રવાહના પરીક્ષા કેન્દ્રોમાં તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૩/૨૦૨૬ સુધીની પરીક્ષાઓ યોજાશે. આ દરમિયાન પરીક્ષા સ્થળની આસપાસના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પરીક્ષામાં ગેરરીતી કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહીં, અથવા કોઈ સભા ભરવી નહીં કે કોઈ સરઘસ કાઢવું નહીં તેમજ પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જવા નહીં. ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવું નહીં, પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન, વિજાણું ઘડીયાળ અને તે પ્રકારના અન્ય સાધનો/યંત્રો લઈ જઈ શકશે નહીં. ઝેરોક્ષ તથા લીથોની કામગીરી કરતી દુકાનો પરીક્ષાના દિવસે અને સમયે બંધ રાખવી તેમજ સ્કૂલમાં ઉપલબ્ધ ઝેરોક્ષ તથા લીથો મશીનો પણ બંધ રાખવા. લાઉડ સ્પીકરના ઉપયોગ તેમજ પરીક્ષા સ્થળમાં બિનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ હુકમ સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓને તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ વ્યકિતઓને, ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને, લગ્નના વરઘોડાને, સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને, સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટા ૪,૦૮,૦૫૩ કરોડનું બજેટ આવકારતા વિજયભાઈ કોરાટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત દેશે તથા ગુજરાત રાજ્યમાં માન.મુખ્યમંત્રીભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત રાજ્ય વિકાસની હરણફાળ ભરીને સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. જેમાં દેશના ખેડૂતો, યુવા શક્તિ, મહિલા શક્તિ અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ અને દેશના વિકાસને વેગવંતુ બનાવવા માટેનો વિકસિત ગુજરાતનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્યના ખેડૂતો, યુવા, મહિલા અને સમાજના દરેક વર્ગના વિકાસ સાથે સમૃદ્ધ ભવિષ્ય અને દેશના વિકાસને વેગવંતુ બનાવતું બજેટને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે આવકાર સાથે અભિનંદન પાઠવ્યા છે.

વધુમાં શ્રી વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે, નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા બજેટને તેમણે વડાપ્રધાનના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે. કનુભાઈ દેસાઈએ સમગ્ર ગુજરાતના નાગરિકોની સુખાકારી, શિક્ષણ, આરોગ્ય અને માળખાગત સુવિધાઓ પર ભાર મૂક્યો છે, સતત પાંચમી વખત બજેટ રજૂ કરવાનો વિક્રમ સ્થાપ્યો છે.

રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૪.૦૮ લાખ કરોડનો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે. પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામો સર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો

સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. અત્યાર સુધીમાં વિકાસની રાહ પર જ્યાં ગુજરાત છે તેનાથી વધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટમાં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

૧૧૨૩ , ૨/૧૯/૨૦૨૬ +૯૧ ૯૮૨૪૨ ૮૦૧૦૭ વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે, બજેટમાં દેશની કૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. બજેટમાં કૃષિ, સિંચાઈ અને ગ્રામ વિકાસ માટે ૪૫૭૮૫ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી સમ ૨ ચુકવણી કરનાર કિસાન ક્રેડીટ કાર્ડના લાભાર્થીઓને ૩ લાખ સુધી ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ આપવા માટે રૂ.૧૫૩૯ કરોડની જોગવાઈ, રાજ્ય કૃષિ યુનિવર્સીટીઓ હેઠળ જામનગર, ભુજ અને ખેડબ્રહ્મા ખાતેની કોલેજોમાં માળખાકીય સુવિધા ઉભી કરવા તેમજ કૃષિ યુનિવર્સીટીઓના આધુનિકીકરણ, વહીવટ અને સંશોધનના ખાસ કાર્યક્રમો માટે રૂ.૧૦૬૩ કરોડની જોગવાઈ, ''મુખ્યમંત્રી ગૌમાતા પોષણ'' યોજના અંતર્ગત રૂ.૫૦૦ કરોડની જોગવાઈ, કામધેનુ યુનિવર્સીટીના પશુ વિજ્ઞાન, ડેરી વિજ્ઞાન અને મસ્ત્ય વિજ્ઞાનની વિવિધ યોજનાઓ માટે રૂ.૪૨૪ કરોડની જોગવાઈ, કામધેનુ યુનિવર્સીટી હેઠળ ભુજ અને હિમંતનગર ખાતેની પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયના સુદ્રઢકરણ માટે રૂ.૧૮ કરોડની જોગવાઈ, ખેડૂતોને વીજ સહાય આપવા માટે રૂ.૯૩૨૪ કરોડની જોગવાઈ, સુક્ષ્મ સિંચાઈ માટે રૂ.૧૨૫૦ કરોડની જોગવાઈ, નાના ગોડાઉન બનાવવા માટે ''મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના'' અંતર્ગત અંદાજીત રૂ.૧૫,૪૩૬ ખેડૂતોને રૂ.૧ લાખની સહાય આપવા રૂ.૧૫૪ કરોડની જોગવાઈ, ખાતેદાર ખેડૂતોના આકસ્મિક મૃત્યુ-કાયમી અપંગતતાના કિસ્સામાં રૂ.૪ લાખ સુધીનું વીમા રક્ષણ આપવા રૂ. ૧૪૬ કરોડની જોગવાઈ, બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ.૭૯૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# દિવા-વસઈ રોડ સેકશનમાં બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનની બે ટ્રેનો પ્રભાવિત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખારબાવમાં નવી અપ અને ડાઉન ગુડ્સ લાઇનના કમીશનિંગ કામગીરીના સંદર્ભમાં દિવા - વસઈ રોડ સેક્શનમાં ૧૬ થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝન થઈને પસાર થતી બે ટ્રેનો પ્રભાવિત રહેશે. પ્રભાવિત ટ્રેનોની વિગત નીચે મુજબ છે

રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેન : ટ્રેન સંખ્યા ૨૨૭૧૮ સિકંદરાબાદ - રાજકોટ એક્સપ્રેસ, જેની મુસાફરી ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ શરૂ થશે, તેને ભિવંડી રોડ પર ૧:૩૦ કલાક માટે રેગ્યુલેટ (થોભાવવામાં) કરવામાં આવશે.

રિશેડ્યુલ (સમયમાં ફેરફાર) કરાયેલી ટ્રેન : ટ્રેન સંખ્યા ૧૧૦૮૭ વેરાવળ - પુણે એક્સપ્રેસ, જેની મુસાફરી ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ શરૂ થશે, તે વેરાવળથી તેના નિર્ધારિત સમય ૧૧:૫ કલાકના બદલે ૧૪:૩૫ કલાકે ઉપડશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

# "યુથ એસેમ્બલી" અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા માટે ૨૩ ફેબ્રુઆરી સુધી અરજી કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા અને શહેર કક્ષાએ ''યુથ એસેમ્બલી'' કાર્યક્રમ ૨૦૨૫-૨૬ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાશે.આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ૧૫ થી ૨૯ વર્ષ સુધીની વયના યુવક-યુવતીઓએ નિયત નમુનામાં અરજી કરી આધારકાર્ડની નકલ સાથે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૫/૫, બહુમાળી ભવન, રાજકોટ ખાતે તા. ૨૩/૦૨/૨૦૨૬ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં મોકલવાની રહેશે.

ગુજરાત સરકાર - રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. જેનો મુખ્ય હેતુ યુવાનોમાં લોકશાહી શાસન વ્યવસ્થાના મૂલ્યો વિકસાવવાનો, મતદાનના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી માહિતી પ્રદાન કરવાનો છે.

સ્પર્ધા અંગે વધુ વિગતો માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટનો સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયુ છે.

# શિક્ષકો તેમજ વર્ગખંડોની મોટા પ્રમાણમાં ઘટ સામે 'આપ'ની વિદ્યાર્થી પાંખ દ્વારા રસ્તા રોકો આંદોલન

## ૧૮ થી વધુ કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી શાળાઓ નવી ચાલુ થવાના બદલે બંધ થવી, શિક્ષકોની ઘટમાં સતત વધારો અને વર્ગખંડોની ગંભીર અછત સામે, આજે આમ આદમી પાર્ટી વિધ્યાર્થી પાંખ ASAP દ્વારા રાજકોટના કિસાનપરા ચોક ખાતે પ્રતિકાત્મક રીતે વિધ્યાર્થીઓ બની શિક્ષકો-વર્ગખંડની અછત દૂર કરવાની માંગ કરી, પ્લે કાર્ડ સાથે રસ્તા રોકો આંદોલન કરી વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જેથી પોલીસ દ્વારા તમામની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી હતી. આપના પ્રદેશ મહામંત્રી સુરજ બગડાએ જણાવ્યું હતું કે, દેશમાં ૯૩ જેટલી સરકારી શાળાઓને એક પછી એક બંધ કરવામાં આવી રહી છે. જે બાબત શરમજનક છે.



તસ્વીર : ગૌરવ લશ્કરી



# વાંકાનેરમાં જૂની અદાવતનો ખાર રાખી પ્રૌઢ દંપતી પર હુમલો, ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર શહેરમાં ભાટીયા સોસાયટીમાં રહેતા પરિવાર સાથે જૂની અદાવતનો ખાર રાખી ચાર શખ્સોએ ઘરમાં ઘૂસી ૫૬ વર્ષીય મહિલા અને તેમના પતિને બેફામ માર મારવામાં આવ્યો હતો. હુમલામાં મહિલાના માથા અને આંખ પાસે ઈજા પહોંચતા સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ઘટનાને લઈને વાંકાનેર સિટી પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાંકાનેરના ભાટીયા સોસાયટી સુર્યમુખી હનુમાનજી મંદિર પાસે રહેતા સઈદાબેન સલીમભાઈ લોલાડિયા ઉવ.૫૬એ નોંધાવેલી ફરિયાદ મુજબ તા.૧૭/૦૨ના રોજ તેઓ ઘરમાં એકલા હાજર હતા. તે દરમિયાન ત્રણ શખ્સો તેમના ઘરે ઘૂસી આવ્યા હતા, જેમાં આરોપી શરીફભાઈ હનીફભાઈ પાયક, તેનો સાળો અદનાન તથા બે અજાણ્યા શખ્સોએ આવી, ફરિયાદીના પુત્ર સદામ બાબતે પૂછપરછ કરી હતી. જે બાબતે ફરિયાદીએ ક્યાં કારણોસર પુત્ર વિશે પૂછ્વાનું કહેતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા અને આરોપી શરીફભાઈએ ફરિયાદી સઈદાબેનના માથાના વાળ પકડી ધક્કો મારી નીચે પાડી દીધા હતા અને માથા તથા છાતીના ભાગે માર માર્યો હતો. આ દરમિયાન તેમના પતિ ઘરે પહોંચતા આરોપીઓએ તેમને પણ બેફામ માર માર્યો હતો અને ગળુ દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હુમલાખોરોએ દંપતીને ઢીકા-પાટા તથા ચપ્પલથી માર માર્યો હતો, જેમાં મહિલાની ડાબી આંખ નીચે નખ જેવી ઈજા પહોંચી હતી. જેથી ફરિયાદી મહિલા બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકત્ર થતા હુમલાખોરો સ્થળ પરથી ભાગી ગયા હતા. હાલ વાંકાનેર પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટ સ્થિત જાનકી ઈન્ડસ્ટ્રીઝ કંપનીના માલિક તથા કામદારો વિરૂદ્ધ મહેસાણા કોર્ટમાં કરેલ બદનક્ષી ના કેસ સામેની રિવિઝન પણ રદ

**મુખ્ય સમાચાર, ભાયાવદર**
**અહેવાલ - વિજય રાડીયા**

વિજાપુર સ્થિત બેરીંગના વ્યવસાય સાથે જોડાયેલ અલ્કા ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજકોટ સ્થિત બેરીંગના વ્યવસાય સાથે જોડાયેલ જાનકી ઈન્ડસ્ટ્રીઝ કંપનીના માલિક તથા કામદારો વિરૂદ્ધ ન્યુઝ ચેનલમાં બદનક્ષી થાય તે પ્રકારે ઈન્ટરવ્યુ આપવા તથા મોબાઇલમાં વિડીયો ઉતારી અપ-પ્રચાર કરવા બદલ બદનક્ષીની ફરીયાદ કરેલ હતી.

કેસની વિગતવાર ચર્ચા કરવામાં આવે તો, રાજકોટ સ્થિત જાનકી ઈન્ડસ્ટ્રીઝ અને વિજાપુર સ્થિત અલ્કા ઈન્ડસ્ટ્રીઝ બન્ને બેરીંગ મેન્યુફેકચરીંગના વ્યવસાય સાથે જોડાયેલ છે. બન્ને કંપનીઓ વચ્ચે ઘણાં લાંબા સમયથી સિલીકોન કાર્બાઇડ બેરીંગની પેટન્ટના ઉપયોગ સંબધિત તકરારો ચાલી રહેલ છે. દરમ્યાન, દિલ્હી કોમર્શીયલ કોર્ટમાં ચાલતાં દાવાના કામે વિજાપુર સ્થિત અલ્કા ઈન્ડસ્ટ્રીઝમાં કોર્ટ કમીશ્નર મારફતે પંચનામું કરવાનો આદેશ થતાં રાજકોટ સ્થિત જાનકી ઈન્ડસ્ટ્રીઝના માલિક તથા કામદારો વિજાપુર ગયેલ હોય અને અલ્કા ઈન્ડસ્ટ્રીઝના કેમ્પસમાં ગેરકાયદેસર પ્રવેશ કરી, મીડીયા સમક્ષ અલ્કા ઈન્ડસ્ટ્રીઝના કમ્પાઉન્ડમાં ઉભા કરી ખોટા ઈન્ટરવ્યુ આપેલ હોવા અને



મોબાઇલમાં વિડીયો ઉતારી અપ-પ્રચાર કરવા બદલ અલ્કા ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જાનકી ઈન્ડસ્ટ્રીઝના માલિક અને કામદારો વિરૂધ્ધ બદનક્ષી અંગેની વિજાપુર કોર્ટમાં ફરીયાદ કરવામાં આવેલ હતી. જે નામદાર કોર્ટ દ્વારા ફરીયાદ રદ કરતાં તે હુકમની સામે મહેસાણાના નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટમાં રીવીઝન કરવામાં આવેલ હતી. સદરહુ રીવીઝનમાં જાનકી ઈન્ડસ્ટ્રીઝના વકીલ દ્વારા નામદાર કોર્ટ સમક્ષ કરવામાં આવેલ દલીલ, કાયદાકીય મુદ્દાઓ, કાયદાકીય જોગવાઇઓ તથા વડી અદાલતોના ચુકાદાઓ ધ્યાને લઇ રીવીઝન અરજી રદ કરવાનો હુકમ ફરમાવેલ છે. સદરહું કેસમાં જાનકી ઈન્ડસ્ટ્રીઝ વતી રાજકોટના યુવા એડવોકેટ ડેનીષ એ. સીણોજીયા રોકાયેલ હતાં, જેમાં તેમના મદદનીશ તરીકે એડવોકેટ ગૌરવ જોષીએ મહત્વની ભુમીકા ભજવેલ હતી.

# હળવદના મયુરનગર પાસે યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના મયુરનગર ગામની સીમમાં આવેલી વાડીમાં રહેતા ૨૦ વર્ષીય યુવાને પોતાની ઓરડીમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. હળવદ પોલીસ સ્ટેશનમાં અ.મોતનો ગુનો નોંધાઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

હળવદ પોલીસમાં નોંધાયેલ અ.મોતની નોંધણી મળતી વિગતો મુજબ, મૃતક વાલસીંગ સુમાભાઈ ભીલ ઉવ.૨૦ મૂળ અંબાડુંગર તા.કવાંટ, જી. છોટાઉદેપુરના વતની અને હાલ મયુરનગર ગામની સીમમાં નવઘણભાઈ શિરોયાની વાડી વાળાએ ગઈ તા.૧૬/૦૨ના રોજ પોતાની ઓરડીમાં અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે જાણ થતા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી અને અ.મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ટીમે દાખવેલી પ્રેરણારૂપ પ્રમાણિકતા

## ઈજાગ્રસ્ત નાગરિકનો સામાન સહીસલામત પરત કરી ૧૦૮ની ટીમે આપ્યું નૈતિકતાનું વીરલ દ્રષ્ટાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે. તાજેતરમાં જલારામ ચોક નજીક અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા નાગરિકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ પહોંચાડી તેમનો સામાન સહીસલામત રીતે હોસ્પિટલ સુધી પહોંચાડ્યો હતો.

ઘટના એમ બની કે, મનુભાઈ ચાવડા એક્ટિવા પર પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે અચાનક સામે આવેલી ઓટો રીક્ષાને કારણે અકસ્માત સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં તુરંત ૧૦૮ની ટીમ પહોંચી હતી. સ્થળ પર તપાસ કરતાં મનુભાઈ બેભાન હાલતમાં મળી



આવ્યા હતા. ટીમ દ્વારા તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી તેમને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

દર્દીની ઓળખ માટે તપાસ દરમિયાન તેમની પાસેથી મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી આવી હતી, ૧૦૮ની ટીમ દ્વારા તમામ સામાન સુરક્ષિત રીતે સિવિલ હોસ્પિટલના સ્ટાફને સોંપવામાં આવ્યો હતો. સાથે જ દર્દીના પરિવારજનોનો સંપર્ક કરી મોબાઈલ તથા રોકડ રકમ અંગે માહિતી આપવામાં આવી હતી.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ટીમના સભ્યો ઈએમટી પ્રજ્ઞેશભાઈ પરમાર તથા પાઈલોટ સુરેશભાઈ પરમારે ફરજની સાથે ઉચ્ચ પ્રમાણિકતા અને જવાબદારીનું ઉમદા ઉદાહરણ રજૂ કર્યું છે. તેમની આ માનવીય કામગીરી બદલ દર્દીના પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

મુસ્લિમ અગ્રણી આરીફ ચાવડાના ચકચારી મર્ડર કેસમાં

# પાંચ વર્ષથી જેલમાં રહેલ આરોપીની જામીન ઉપર છૂટવાની અરજી સુપ્રિમ કોર્ટ દ્વારા નામંજુર


તુષારભાઈ ગોકાણી (સ્પેશ્યલ પી. પી.)


રૂપરાજસિંહ પરમાર (મૂળ ફરિયાદી ના એડવોકેટે)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સામાકાઠા વિસ્તારમાં દુધસાગર રોડ પર આવેલી લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીમાં રહેતા મુસ્લીમ અગ્રણી આરીફ ચાવડાની હત્યાના ગુન્હામાં આશરે પાચ વર્ષથી જેલમાં રહેલ આરોપી વસીમ ઉર્ફે ચકો અબ્દુલભાઈ ખૈબરની રેગ્યુલર જામીન અરજી સુપ્રિમકોર્ટ દ્વારા તાજેતરમાં નામંજુર કરવામાં આવેલ હતી.

પોલીસ કેસની ટુંકી વિગત મુજબ, દુધસાગર રોડ પર દુધની ડેરી પાસેની લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીમાં છાશ અને બગડેલ પનીરનું ઉત્પાદન થતું હોવા અંગે સોસાયટીના સભ્યો તથા ગુજરનાર આરીફ ચાવડાએ વાંધો ઉપાડેલ હોય તેના મનદુખના કારણે તારીખ ૦૨/૦૮/૨૦૨૦ નાં રોજ મુસ્લીમ અગ્રણી આરીફભાઈ ચાવડાની આરોપીઓ ૧)વસીમ ઉર્ફે ચકો અબ્દુલભાઈ ખૈબર,૨) રમીઝ ઉર્ફે બાબો ઈકબાલભાઈ ખૈબર,૩) અબ્દુલભાઈ ઓસમાણભાઈ ખૈબર, ૪) ઈકબાલભાઈ ઓસમાણભાઈ ખૈબર દ્વારા છરીના ઘા ઝીકીને હત્યા કરવામાં આવેલ હોવાની ફરીયાદ ગુજરનારના ભાઈ મુસ્તાક ગુલામહુસૈનભાઈ ચાવડાએ નોંધાવેલ હતી.ફરીયાદની ટુંકી વિગત પ્રમાણે આરોપીઓ અગાઉ તેના ઘર આગળ ડેરીમાં છાશ અને બગડેલ પનીરનું ઉત્પાદન કરી વેચતા હોય જેથી ફરીયાદી તથા ગુજરનાર આરીફભાઈ ચાવડા તથા સોસાયટીના સભ્યોએ વાંધો ઉપાડેલ હોય તેનું મન દુખ ચાલતું હોય અને આરોપીઓ શેરીમાં જોર-જોર થી ભુંડા બોલી ગાળો બોલતા હોય જેથી ફરીયાદી તથા ગુજરનાર ગાળો નહી બોલવા માટે સમજાવવા માટે ગયેલ અને સમજાવીને ગયા બાદ પણ આરોપીઓએ જાહેરમાં ગાળો બોલવાનું ચાલુ રાખતા ફરીયાદી તથા ગુજરનાર પાછા આરોપીઓને સમજાવવા માટે જતા આરોપીઓએ ફરીયાદી તથા ગુજરનારને ભુંડા બોલી ગાળો આપી હવે તમને પુરા કરી નાખવા છે તેમ કહીને આરોપી નં. ૩) અબ્દુલભાઈ ઓસમાણભાઈ ખૈબર તથા આરોપી નં. ૪) ઈકબાલભાઈ ઓસમાણભાઈ ખૈબરે ગુજરનારને પકડી રાખેલ તે વખતે આરોપી નં. ૧)વસીમ ઉર્ફે ચકો અબ્દુલભાઈ ખૈબરે ગુજરનારને છરીનો એક ઘા ડાબા પડખાના ભાગે મારી દીધેલ તથા આરોપી નં.૨) રમીઝ ઉર્ફે બાબો ઈકબાલભાઈ ખૈબરે છરીનો એક ઘા ડાબી બાજુ વાંસાનાં ભાગે મારી આરોપીઓએ ગુજરનારને ઢીકા પાટા નો માર મારી ફરિયાદી વચ્ચે છોડાવવા જતા તેને પણ ઢીકા પાટાનો મુંઢ માર મારી ગુજરનારને રોડ પર ઢસડીને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ એક સંપ કરી કાવતરું કરી મારામારી કરી ગુજરનારને ગંભીર જીવલેણ ઈજાઓ કરી મોત નીપજાવી ગુન્હો કરેલ જે ખૂનના બનાવનો કેસ હાલ રાજકોટ સેશન્સ કોર્ટમાં ચાલી રહેલ છે. જે ફરીયાદ બાદ થોરાળા પોલીસે આરોપીઓની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી બાદ કોર્ટમાં રજુ કરાતા નામ.કોર્ટે આરોપીઓને જેલ હવાલે કરેલ હતા. દરમ્યાન આ કેસના મુખ્ય આરોપી રમીઝ ઉર્ફે બાબો ઈકબાલભાઈ ખૈબર જામીન ઉપર છુટવા સેશન્સ કોર્ટ, હાઇકોર્ટ તથા સુપ્રીમ કોર્ટ સુધી સફળ થઈ શકેલ ન હતો. ત્યારબાદ ટ્રાયલ દરમ્યાન આરોપી વસીમ ઉર્ફે ચકો અબ્દુલભાઈ ખૈબરે રેગ્યુલર જામીન ઉપર છૂટવા માટે નામદાર સેશન્સ કોર્ટમાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ભા અરજીઓ કરેલ હતી જેમાં સફળતા ન મળતા નામદાર સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયામાં જામીન અરજી દાખલ કરેલ હતી.

જે જામીન અરજી સુપ્રીમ કોર્ટમાં ચાલી જતાં સ્પેશ્યલ પી.પી. તુષારભાઈ ગોકાણીએ સુપ્રીમ કોર્ટના સરકારી વકીલને જરૂરી માહિતી પૂરી પાડેલ તેમજ મૂળ ફરિયાદીના વકીલ રૂપરાજસિંહ પરમારે સુપ્રીમ કોર્ટમાં મુળ ફરિયાદી મુસ્તાકભાઈ ચાવડાના વકીલશ્રીને જરૂરી સૂચનાઓ આપેલ જેથી બંને પક્ષો ની રજુઆત તથા મુળફરિયાદીના વકીલ દ્વારા રજુ થયેલ લેખિત વાંધાઓ તેમજ કેસ ના સંજોગો ને ધ્યાને લઈ નામદાર સુપ્રીમ કોર્ટે પણ એ આરોપી વસીમ ઉર્ફે ચકો અબ્દુલભાઈ ખૈબરની જામીન અરજી પ્રાથમિક તબકકે (એટલે કે નાં તબકકે જ) આરોપીની જામીન અરજી નામંજુર કરવાનો હુકમ કરેલ હતો.

આ કેસમાં રાજકોટ સેશન્સ કોર્ટમાં સરકાર તરફે સ્પે.સરકારી વકીલ તરીકે તુષારભાઇ ગોકાણી તથા મુળફરીયાદી મુસ્તાકભાઈ ચાવડા વતી રાજકોટના ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ,દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા તથા પ્રેમરાજસિંહ પરમાર તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટમાં સદરહુ જામીન અરજીનો વિરોધ કરવા માટે મુળફરીયાદી તરફે વકીલ જાલ ઉનાવાલા તથા તેજલબેન વશી તેમજ સુપ્રીમ કોર્ટમાં મુળ ફરિયાદી વતી વકીલ શ્વેતાબેન લોધા રોકાયેલ હતા.

# જેતપુર સહિત સૌરાષ્ટ્રભરના મંદિરોમાંથી મુગટ અને ચાંદીના છત્તરની ચોરી કરતો રીઢો તસ્કર ઝડપાયો

ઉના પંથકનો ૭૦ વર્ષનો વૃધ્ધ મંદિરમાં પ્રવેશી દર્શન કરી ચોરીને અંજામ આપતો'તો : જેતલસર, ભાવનગર, ચોરવાડ અને અમરેલીમાં ચોરીને અંજામ આપ્યાની કબૂલાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર સહિત સૌરાષ્ટ્રભરના મંદિરોમાંથી મુગટ અને ચાંદીના છત્તરની ચોરી કરતો રીઢા તસ્કરને રૂરલ એલસીબીની ટીમે પકડી પાડી રોકડ સહિતની મતા કબ્જે કરી હતી. ઊના પંથકનો ૭૦ વર્ષનો વૃધ્ધ મંદિરમાં પ્રવેશી દર્શન કરી ચોરીને અંજામ આપતો હતો. જેતલસર, ભાવનગર, ચોરવાડ અને અમરેલીમાં ચોરીને અંજામ આપ્યાની કબૂલાત પણ આપી હતી.

ગઈ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ જેતપુર શહેરના ટાકુડીપરા વિસ્તારમાં પાંભર પરીવારના કુળદેવી ખોડીયાર માં ના મંદિર માં ચાંદિના છત્તરોની ચોરી થયેલ જે અંગે જેતપુર સીટી પોલીસ મથકમાં ગુન્હો દાખલ થયેલ હોય જે ગુનો ડિટેક્ટ કરવા રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા અપાયેલ સૂચનાથી એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહીલ, કે.એમ.ચાવડા અને આર.વી.ભીમાણી અલગ અલગ ટીમ સાથે તપાસમાં હતાં.

જે દરમ્યાન મળેલ બાતમીના આધારે ગોંડલ રેલ્વે સ્ટેશન પાસેથી રમેશભાઇ લવજી તન્ના (ઉ.વ.૭૦), (રહે.મુળ ગામ ઉના, વિધ્યાનગર સોસયટી દેલવાડા રોડ) ને શંકાસ્પદ રીતે કુલ મુદ્દામાલ રૂ.૩૮,૫૦૦ સાથે પકડી આકરી પુછપરછ કરતા મંદિર ચોરીનો ગુન્હો શોધી કાઢવામાં આવેલ તેમજ અન્ય ત્રણ મંદિર ચોરીઓના ગુન્હાની પણ કબૂલાત આપતાં આરોપીને આગળની કાર્યવાહી માટે બી-ડીવી પોલીસ સ્ટેશન ગોંડલ ખાતે સોપી આપેલ છે.

વધુમાં આરોપીએ આપેલ કબૂલાતમાં ચારેક મહીના પહેલા દિવસ દરમ્યાન જેતપુર ટાકુડી પરા વિસ્તારમાં આવેલ એક માતાજીના મઢમાંથી માતાજીના ચાંદીના છત્તરો ની ચોરી કરેલ હતી. એકાદ મહીના પહેલા ભાવનગરમાં દરબાર ગઢ વિસ્તારમાં એમ.જી. રોડ ઉપર આવેલ હોટલ વૃંદાવનની સામે આવેલ એક જૈન દેરાસરમાંથી બપોરના સમયે મુગટની ચોરી કરેલ હતી.

એકાદ મહીના પહેલા દિવસ દરમ્યાન જેતપુરના જેતલસર જંક્શન ખાતેથી અંબાજીના મંદીરમાંથી ચાંદીના છત્તરની ચોરી અને દોઢેક મહીના પહેલા દિવસ દરમ્યાન ભાવનગરના વલ્લભીપુર ગામે બસ સ્ટેન્ડ પાસેથી માતાજીના મંદિરમાંથી ચાંદીના છત્તરની ચોરી કરેલ હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલા આરોપી હાલ રખડતું ભટકતું જીવન ગાળે છે અને પૈસાની જરૂરિયાત ઊભી થાય ત્યારે મંદિરોમાં દર્શન કરવાના બહાને જઈ ચોરીને અંજામ આપતો હોવાની પ્રાથમિક કબુલાત પણ આપી હતી. ઉલ્લેખનીય છે કે, તસ્કર વિરુદ્ધ ગોંડલ સીટી, અમરેલી, ચોરવાડના પોલીસ મથકમાં ચોરીના અલગ અલગ છ ગુના નોંધાયેલ છે.

# ગોંડલ રોડ પર રોલેક્ષ બેરીંગ સામે વિદેશી દારૂ-બિયર સાથે બુટલેગર ઝડપાયો


**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર આવેલા રોલેક્ષ બેરીંગ નામના કારખાનાની સામે બગીચા પાસેથી વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે એક બુટલેગરને પીસીબીની ટીમે દબોચી લઇ રૂ.૨૭ હજારનો મુદ્દામાલ કબ્જે કયો છે.

આ અંગેની માહિતી મુજબ પીસીબી શાખાના ઇન્ચાજ પીઆઇ એમ.આર.ગોંડલીયાની સુચનાથી એએસઆઇ મયુરભાઇ પટેલ, કોન્સ. હિરેનભાઇ સોલંકી સહિતનો સ્ટાફ ગોંડલ રોડ પર રોલેક્ષ બેરીંગ નામના કારખાના પાસે પેટ્રોલિંગમાં હતા ત્યારે સામે આવેલા બગીચા પાસેથી રાજુ ભુપત સગર (રહે.ખોડીયારનગર, એસટી વર્કશોપ પાછળ) નામનો બુટલેગર શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા રૂ.૭૧૪૦ની કિંમતના દારૂના ચપલા, ૨૬ બિયરના ટીન સહિત રૂ.૨૭૦૦૦ ના જથ્થા સાથે મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી દારૂ-બિયરનો જથ્થો કબ્જે કર્યો છે.

# શહેરમાં ચાલતા દેશી-વિદેશી દારૂના હાટડા પર પીસીબીની ટીમ ત્રાટકી

સ્વાતીપાર્ક, ગુલાબનગર, હંસરાજનગર, નારાયણનગર સહિત ૧૯ સ્થળોએ દરોડા: રૂ.૫૨ હજારની કિંમતનો ૨૬૪ લીટર દેશી દારૂ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં સ્થાનિક પોલીસની રહેમરાહે ખુલ્લેઆમ ચાલતા દેશી-વિદેશી દારૂના હાટડા પર ગઇકાલે પીસીબીની ટીમે ઘોષ બોલાવી હતી. શહેરના અલગ-અલગ ૧૯ જેટલા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૨૬૪ લીટર દેશી દારૂનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો.

પીસીબીના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયાની સુચનાથી પીઆઇ એમ.જે.હુણ, પીએસઆઇ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા, એએસઆઇ મયુરભાઇ પટેલ, સંતોષભાઇ મોરી, મયપાલસિંહ, હરદેવસિંહ સહિતના સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી શહેરમાં અલગ-અલગ સ્થળોએ ચાલતા દેશી-વિદેશી દારૂના હાટડા પર દરોડા પાડયા હતા. જેમાં સ્વાતી પાર્ક મેઇન રોડ પર રામજી જગુ વાઘેલા, ગુલાબનગર મેઇન રોડ પર મીત્તલ કિશોર સનુરા, હરી સોસાયટીમાં સંજય રમેશ કાછડીયા, હંસરાજનગરમાં રેખા જયેશ સોલંકી, ગુલાબનગરમાં હિતેષ દાનસિંગ ઝાલા, નારાયણનગરમાં તુલષી ડાયા ચાવડા સહિત અલગ-અલગ ૧૯ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા અને કુલ ૨૬૪ લીટર દેશી દારૂ કિંમત રૂ.૫૨૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

# મેટોડામાં ગાંજાના જથ્થા સાથે રાજકોટના બે સહિત ત્રણ શખ્સોની ધરપકડ

રાજકોટના સપ્લાયર લોધિકાના રિસીવરને ડિલિવરી આપે તે પૂર્વે જ મેટોડા પોલિસ ત્રાટકી : રૂ.૩૮૧૫૦ ની મતા જપ્ત




**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડામાંથી ૬૭૩ ગ્રામ ગાંજા સાથે લોધિકાનો રિસિવર અને રાજકોટના બે સપ્લાયરને સ્થાનિક પોલિસે ઝડપી લીધા હતા. રાજકોટના શખ્સો પાસેથી ગાંજો મેળવી લોધિકાનો શખ્સ છૂટકમાં વેંચાણ કરે તે પૂર્વે મેટોડા જીઆઈડીસી પોલિસની ટીમે ત્રણેય દબોચી સપ્લાયરની શોધખોળ શરૂ કરી હતી.

દરોડાની વિગત અનુસાર રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં યુવા ધનને નશાના રવાડે ચડતા અટકાવવા તથા નાર્કોટિક પદાર્થોનું વેચાણ અટકાવવા સે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોના ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

જે સૂચના અનુસંધાને મેટોડા જીઆઇડીસી પોલીસ મથકના પીઆઇ એસ.એચ.શર્માની રાહબરી હેઠળ મેટોડા જીઆઇડીસી પોલીસ મથકના પીએસઆઇ એન બી ઝાલાને ખાનગી રાહે બાતમી મળી હતી કે, રામ ઉકાભાઇ છાપલીયા (ઉ.વ.૩૯ રહે. બાલસર પાટીયા, આશીર્વાદ સોસાયટી, લોધિકા મૂળ રહે.થાપલા, માણાવદર,) નામનો શખ્સ સવારે નવથી અગિયાર વાગ્યાં આસપાસ પાઠક સ્કૂલથી મેટોડા જતા રસ્તા ઉપર ગાંજો લેવા અને તેને રાજકોટથી બે શખ્સો ગાંજાનો જથ્થો સપ્લાય કરવા આવનાર છે.

જે બાતમી મળતાની સાથે જ મેટોડા જીઆઇડીસી પોલીસની ટીમે પાઠક સ્કૂલ નજીક રામદેવ સીરામીકની સામે વોચ ગોઠવી હતી. દરમિયાન સવારે અગિયાર વાગ્યા આસપાસ રામ ઉકાભાઇ છાપલીયા ત્યાં પહોંચ્યો હતો. બાદ થોડી જ વારમાં અજમલ આરીફ પરમાર(ઉવ ૨૫) અને કૌશર સલીમ મેતર (ઉવ ૩૭ રહે બંને, અર્જુન પાર્ક, આરએમસી ક્વાર્ટર, નાના મવા, રાજકોટ) એમ ત્રણેય શખ્સોને ગાંજાની હેરાફેરી કરતા જ પોલીસે ત્રણેયને દબોચી તેમના કબ્જામાં રહેલ રૂ.૩૩,૬૫૦ ની કિંમતનો ૬૭૩ ગ્રામ ગાંજો ઝડપી લઇ એનડીપીએસ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

મેટોડા જીઆઇડીસી પોલીસની પ્રાથમિક પૂછપરછમાં રામ થાપલીયાએ ગાંજાનો જથ્થો છૂટકમાં વેચાણ અર્થે મંગાવ્યો હતો. જ્યારે અજમલ આરીફભાઈ પરમાર અને કૌસર સલીમભાઈ મેતર રાજકોટના નાના મવા રોડ પર આરએમસી ક્વાર્ટરમાં રહેતા બિલાલ સલીમ મેતર પાસેથી ગાંજાનો જથ્થો લઈ ડિલિવરી આપવા આવ્યા હતા. જેથી પોલીસે ગાંજો, બે મોબાઈલ મળી કુલ રૂ. ૩૮,૧૫૦ નો મુદ્દામાલ કબજે કરી સપ્લાયર બિલાલ સલીમભાઈ મેતરની શોધખોળ શરૂ કરી હતી.

# જેતપુરની દેવ બ્લડ બેંકનો કર્મી પીધેલી હાલતમાં લોકોના બ્લડ લેતો પકડાયો

સ્થાનિક પોલીસે દરોડો પાડી ગોંડલના બુટલેગરોની ચેનલ ખુલી પાડીઃ જેતપુર-ગોંડલના ત્રણ સહિત ચારની ધરપકડ, દારૂ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરની દેવ બ્લડ બેંકનો કર્મી પીધેલી હાલતમાં લોકોના બ્લડ લેતા પોલીસે પકડી પાડી બુટલેગરોની ચેનલ ખુલી હતી અને દારૂ સપ્લાયના મૂળ સુધી પહોંચી જેતપુર-ગોંડલના ત્રણ સહિત ચારની ધરપકડની સાથે દારૂ જપ્ત કરી બે અલગ અલગ ગુના નોંધ્યા હતાં.

દરોડાની વિગત મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર સાહેબ અને ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા દ્વારા દારૂ તથા જુગારની પ્રવૃતી સદંતર નેસ્ત-નાબુત કરવાની આપેલ સુચનાથી જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ એ.ડી.પરમારની રાહબરીમાં ટીમને ખાનગી રાહે બાતમી મળેલ કે, જેતપુર જુનાગઢ રોડ ઉપર આવેલ દેવ બ્લડ બેંકનો માણસ રોહિત ઉર્ફે કાળુ રૈયાણી કેફી પ્રવાહિ પીધેલ હાલતમાં બ્લડ બેંકે બ્લડ લેવા આવતા-જતા માણસો સાથે મનસ્વી રીતે વર્તન કરેલ છે.

જે બાતમીના આધારે બ્લડ બેંકમાં ટીમે રેઈડ કરતા રોહિત ઉર્ફે કાળુ દિલીપ રૈયાણી (રહે.ગોંડલ) ને કેફી પ્રવાહિ પીધેલ હાલતમાં ઇંગ્લીશ દારૂની ખાલી બોટલો તથા ઇંગ્લીશ દારૂ સાથે પકડી પાડી પ્રોહીબિશન એકટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરેલ હતી.

બાદમાં આરોપી રોહિત ઉર્ફે કાળુ રૈયાણીની પુછપરછ કરતા દારૂની બોટલ જેતપુરના સીરાજ કુરેશી પાસેથી તેમજ ત્રણ દારૂની બોટલ ગોંડલના બાલી વ્યાસ પાસેથી લઇ આવેલ હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે દારૂનો જથ્થો પુરો પાડનાર આરોપી સીરાજ અજીજ કુરેશીના રહેણાંક મકાને રેઇડ કરતા દારૂની બોટલ નંગ - ૦૬ રૂ.૧૩,૨૦૦ નો મુદામાલ સાથે મળી આવતાં તેની ધરપકડ કરી અલગથી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરેલ છે.

જે બાદ આરોપી સીરાજ કુરેશીની પુછપરછ કરતા તેના મકાનમાંથી મળી આવેલ ઇંગ્લીશ દારૂનો જથ્થો ગોંડલના ઇરફાન કટારીયા પાસેથી લઇ આવેલ હોવાની કબૂલાત આપતાં બન્ને ગુનામાં ઇંગ્લીશ દારૂનો જથ્થો પુરો પાડનાર આરોપીઓની શોધખોળ કરવા ટીમ ગોંડલ દોડી જઈ આરોપી ઇરફાન હસન કટારીયા તથા નરેન્દ્ર ઉર્ફે બાલી તુસીદાસ વ્યાસ (બન્ને રહે.ગોંડલ) પકડી બન્ને આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરેલ છે.

જેતપુર પોલીસે નોંધેલ બંને ગુનામાં રોહિત ઉર્ફે કાળુ દિલીપ રૈયાણી (રહે.ગોંડલ), સીરાજ અજીજ કુરેશી (રહે.જેતપુર, ખોડપરા મેઇન રોડ), ઇરફાન હસન કટારીયા (રહે.ગોંડલ) અને નરેન્દ્ર ઉર્ફે બાલી તુસીદાસ વ્યાસ (રહે.ગોંડલ) ની ધરપકડ કરી હતી. જેમાં ઈરફાન કટારીયા વિરુદ્ધ જુગાર દારૂના ૧૭ જેટલા ગુના નોંધાયેલ છે.

# રાજકોટમાં ગેરકાયદે ઘૂસણખોરી કરી આવેલ ૪ બાંગ્લાદેશી મહિલા ઝડપાઈ

એક સપ્તાહથી આવી મજૂરી કામ કરતી'તી, ૮ મહિના પહેલા ૩૪ બાંગ્લાદેશી ઝડપાયા'તા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ દ્વારા વધુ ચાર બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરવામાં આવી છે. આ ૪ મહિલા છેલ્લા એક સપ્તાહથી રાજકોટમાં આવી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ૮ મહિના અગાઉ રાજકોટ શહેર પોલીસે કુલ ૩૪ બાંગ્લાદેશીઓને ઝડપી પાડી ડિપોર્ટ કાર્યવાહી કરી હતી જેમાં ૨૫ મહિલા, ૬ પુરુષ અને ૩ બાળકોનો સમાવેશ થાય છે.

બસિયાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં રાજકોટ શહેર એસીપી ક્રાઈમ અન્ય દેશના ગેરકાયદે ઘૂસણખોરી કરી વસવાટ કરતા નાગરિકોને અટકાવવા માટે ડ્રાઈવ છેલ્લા ૮ મહિનાથી ચાલી રહી છે આ જ મુજબ શહેર પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી ૪ જેટલી મહિલા બાંગ્લાદેશથી ઘૂસણખોરી કરી આવી છે, જેથી કોઠારીયા વિસ્તારમાં પહોંચી તપાસી કરી ચાર બાંગ્લાદેશી મહિલાને અટકાવી પૂછપરછ કરવામાં આવી હતી અને તેમની પાસેથી કોઈ આધાર પુરાવા મળી આવ્યા હતા.પોલીસની પ્રાથમિક તપાસમાં ચારેય મહિલા છેલ્લા એક સપ્તાહથી રાજકોટ આવી આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તરમાં રહેતી હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત તે બાંગ્લાદેશથી પ્રથમ પશ્ચિમ બંગાળ અને ત્યાંથી એજન્ટ મારફત ગુજરાતમાં આવી હોવાનું સામે આવ્યું છે. હવે આ ચારેય મહિલાની અટકાયત કરી અલગ-અલગ એજન્સીને જાણ કરવામાં આવી છે, જેની પૂછપરછ બાદ કાગળ કાર્યવાહી કરી તેમને ડિપોર્ટ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. હાલમાં તેમની પાસેથી બાંગ્લાદેશી ડોક્યુમેન્ટ પણ મળી આવ્યા છે, જે કબ્જે કરી પોલીસે વધુ પૂછતાછ હાથ ધરી છે.આ અગાઉ આઠ મહિના પહેલા રાજકોટ સહીત સમગ્ર ગુજરાતમાં બાંગ્લાદેશીઓના ઘૂસણખોરી અંગે પોલીસે ખાસ ઓપરેશન શરૂ કર્યું હતું.

# શાપરમાં ૩૮ વર્ષીય યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં ગળાફાંસો ખાઈ ૩૮ વર્ષીય દિનેશ રાઠોડએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ હતી. આત્મહત્યાનું કારણ જાણવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. મળતી માહિતી મુજબ દિનેશભાઈ પાલજીભાઈ રાઠોડ (ઉંમર વર્ષ ૩૮, રહે. મારૂતિ પાર્ક, શાપર) ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે છતના એંગલમાં સાડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો.



તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. પરિવારજનોએ જણાવ્યું હતું કે, દિનેશભાઈ રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન કરતા હતા તેમને સંતાનમાં બે પુત્ર છે. પોતે ત્રણ ભાઈ અને બે બહેનમાં બીજા નંબરના છે. આપઘાતનું કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# શહેરમાં યુવકને નાગપુરની યુવતી સાથે લગ્ન મોંઘા પડયા

દલાલ મારફતે લગ્ન કર્યા હતાઃ પત્ની ઘરમાંથી જે કંઈ મળે તે લઈને ભાગી જવાની ફિરાકમાં જ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત આખા ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી મહારાષ્ટ્રના નાગપુર સહિતના શહેરોમાંથી દલાલ મારફતે યુવતીની પસંદગી કરી લગ્ન કરવાનો સિલસિલો વધ્યો હોય મહત્તમ લગ્નમાં છેતરપિંડી થયા વગર રહેતી નથી. આવો જ વધુ એક કિસ્સો રાજકોટમાં બનવા પામ્યો છે જેમાં લગ્નવાંચ્છુક યુવકને નાગપુરની યુવતી સાથે લગ્ન કરવા મોંઘા પડતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

રૈયા રોડ પર આલાપ ગ્રીન સિટીની બાજુમાં શાંતિનિકેતન સોસાયટીની બાજુમાં રહેતા અને કૃણુ ચત્રિવેદી (ઉ.વ.૩૧)એ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેણે દલાલ પ્રકાશ જૈન મારફતે નાગપુરની લક્ષ્મી તીરપુડે સાથે ૩૧-૧૨-૨૦૨૫ના વકીલ મારફતે લગ્ન કર્યા હતા જેની નોંધણી પણ કરાવી હતી. ત્યારબાદ ૨૬ જાન્યુઆરી-૨૦૨૬ના વિધિ પ્રમાણે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું જેના બદલામાં બે લાખ રૂપિયા પ્રકાશ જૈનને આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ પૈકી દોઢ લાખ રૂપિયાપ્રકાશ જૈનને આપ્યા હતા.

જો કે એક દિવસ લક્ષ્મી કોઈ સાથે મરાઠી ભાષામાં એવું કહેતાં સાંભળવા મળી હતી કે આ ઘરમાંથી જે મળે તે લઈ થોડા દિવસમાં દોઢ લાખમાં પરણ્યા બાદ ખબર પડી કે પત્નીને અગાઉથી જ એક પુત્રી છે

નીકળી જઈશ જેથી તેના વિરુદ્ધ અરજી પણક રવામાં આવી હતી. ૨૬ જાન્યુઆરીએ ભાવિક અને લક્ષ્મી લગ્નગ્રંથીએ જોડાયા હતા પરંતુ ૧ ફેબ્રુઆરીએ લક્ષ્મીને પોલીસ મથકે બોલાવી ત્યારે ત્યાં નાગપુરથી પોલીસ આવી હોય ખુલાસો થયો હતોકે લક્ષ્મી અગાઉ અશ્વિન સુનિલ તીરપુડે સાથે પરણેલી છે અને તેને સંતાનમાં એક પુત્રી પણ છે. આમ કાના છાનભાઈ લોહાણા કે જેણે પ્રકાશ જૈન સાથે સંપર્ક કરાવ્યો હતો તે, ઉપરાંત પ્રકાશ જૈન, લક્ષ્મી અશ્વિનભાઈ તીરપુડે, તન્વીની કથિત બહેન ડોલી ઉર્ફે તનવી માલી સહિતના સામે ફરિયાદ નોંધાવી હતી.